# ઈલ્મનો ખજાનો

## ભાગ-૪

: લેખક :

અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઈ

: અનુવાદક :

અકબર હબીબ રાજન

: પ્રકાશક :

ખાનાએ હિકમત-ઈદારાએ 'આરિફ'

# ઇલ્મનો ખજાનો

## ભાગ-૪

: લેખક :

અલ્લામા નસીરુદ્દીન 'નસીર' હુંઝાઇ

: અનુવાદક :

અકબર હબીબ રાજન

: પ્રકાશક :

ખાનાએ હિકમત-ઇદારાએ 'આરિફ'

૩-એ, નૂર વીલા, ગાર્ડન વેસ્ટ,

કરાચી (પાકિસ્તાન)

ISW LS Institute for Spiritual Wisdom Luminous Science Knowledge for a united humanity

## ભાઇ અકબર રાજન અને તેમની નેકબખ્ત ફેમીલીના નામ ઉપર

કોઇ એક મઝહબી પુસ્તકનો સુંદરતા અને ખૂબી સહીત અનુવાદ કરવો ઘણું મોટું કામ છે. અને એવાં ઘણા પુસ્તકોનો અનુવાદ કરવો અતીશય મહાન પરાક્રમ છે. અનુવાદ જોકે મૂળ લેખ કે લખાણના પછીજ શકય થાય છે તેમ છતાં તે ફાયદો પહોંચાડવામાં અસલ (ORIGINAL)થી જરાયે ઓછો નથી અને અમુક દાખલાઓમાં તો તેનાથી પણ વધીને છે જે માનનીય લોકો ઓનરરી રીતે દીની પુસ્તકોના અનુવાદ કરી રહ્યા છે, તેઓ સૌની નજરોમાં ઘણા ઇઝઝત વાળાં-માનવંતા છે, એ માટે કે તેઓ અસલમાં ઇમામે ઝમાન અલૈહીમુસ્સલામની ઇલ્મી ખીદમત કરી રહ્યા છે, અને એ આભાર તથા ખુશીની વાત છે કે ભાઇ અકબર રાજને આજ પર્યંત ૧૯ પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ કરી લીધો છે.

**–નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**

**૨૪–૩–૧૯૯૩**

# અનુક્રમણિકા


૧. આરંભ ....................................................... ૩

૨. સુરહ ઝીલઝાલની અમુક હીકમતો ................................ ૯

૩. ઈસ્લામની ઝરૂરાત ............................................ ૧૫

૪. એક જવાબી પત્રનો મહત્ત્વનો ભાગ ............................ ૨૩

૫. હકીકતનો ખુલાસો ............................................. ૨૯

૬. તોહીદની માન્યતા ............................................. ૩૨


* * *

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science

# (૧) આરંભ

પાક પવીત્ર ખુદાવંદના મહાન ઉપકારોની ચેતનવંતી અને અસરકારક કલ્પના હોવી જોઇએ કે જેથી આપણું દીલ શુખરગુઝારીની લાગણીથી ભરેલું અને દુનિયા તથા આખરતની નેક ઉમેદોથી મગન થઇ જાય. જગતના પાલણહારનો સૌથી મોટો ઉપકાર, કે જેમાં સઘળા ઉપકારો સમાવેલાં છે તે એ છે કે તેણે પોતાની અતી ઘણી રહેમતો વડે આપણને હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહી વ આલેહી વસલ્લમ અને તેવાણ નામદારના સાચા વારસદાર એટલે કે ઈમામ (અ.સ.)ની ઓળખાણરૂપી દોલતથી માલામાલ કરેલ છે. આ સચ્ચાઇને ફક્ત જાણનારા જ જાણે છે કે આ દોલત સાચી–હકીકી અને અનંત–(ફના ન થનાર) છે અને તેમાં જ સર્વ કાંઇ છે.

મને એ વાતનો પૂરેપૂરો વિશ્વાસ છે કે "જ્ઞાનનો ખજાનો–૪" પણ ખુદાના ફઝલથી મારાં અન્ય પુસ્તકોની જેમ ખાસ અને સામાન્ય લોકોમાં જાણીતું અને પછી સફળ થઇ જશે કારણ કે મારી આ મામુલી કોશીષ ઈમામે ઝમાન (સ.અ.)ની મુબારક મરજી પ્રમાણેની છે અને સત્ય વાત તો એ છે કે જ્ઞાનની સેવા માટેની આ સદ્‌બુદ્ધિ ઈમામે બરહક્ના નૂરના મારફત મળી છે બલ્કે તેને એ જ અર્થમાં વધુ ખુલાસા સાથે ક્હેવું જોઇએ કે ઈમામ જ છે કે જેઓ ખાસ બંદોબસ્ત કરીને પોતાના ઇલ્મી ખીદમતગારોને તૈયાર કરે છે, જો કે કોઇ અજાણ્યા અને અજ્ઞાન માનવીને માટે આ એક સવાલ થઇ શકે છે કે ઈમામે ઝમાન (અ.સ.) કઇ રીતે પોતાના ઇલ્મી પ્રતીનિધીને

રૂહાની ઈલ્મ-જ્ઞાન અને બાતિની હીકમત અર્પણ કરી શકે છે ?

ઈમામે ઝમાન અલૈહીસ્સલામ ખુદાતઆલા તથા રસૂલે મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહી વ આલેહી વસલ્લમના તરફથી દીનના હાદી એટલે કે માર્ગદર્શક છે. હાદી હીદાયત કરે છે અર્થાત જ્ઞાન અને અમલનો રસ્તો દેખાડે છે. તમો તેમાં જરા ગંભીરપણે વિચારો કે શું પરીપૂર્ણ હીદાયતની વ્યાજબી કલ્પના એ નથી કે હાદી જાહેર અને બાતિનમાં હીદાયત કરી શકે છે ? સાચા-બરહક હાદી એટલે કે ઈમામે ઝમાન (અ.સ.)નું બીજું નામ ખુદાનો ખલીફા અને રસૂલ (સ.અ.સ.)નો ખલીફા છે. એનો અર્થ એ છે કે હીદાયતનું નૂર અને જ્ઞાન તથા હીકમતનો ખજાનો કે જે અલ્લાહતઆલા અને તેના સાચા પયગમ્બર (સ.અ.સ.)ના તરફથી આ મનુષ્યજગતમાં હોવા જોઈએ તે હૈયાત અને હાઝર ઈમામ (અ.સ.) જ છે જ્યારે તેવણ આ મહાન ખીલાફતની એક માત્ર પદવી ઉપર બિરાજેલાં છે તો ખાત્રી રાખવી જોઈએ કે ઈમામે ઝમાન (અ.સ.) ખુદાના હુકમથી સ્થાનિક અંતરો અને ભૌગોલિક અડચણો છતાં, હકીકી જ્ઞાન તે સદ્‌ભાગી વ્યક્તિને પહોંચાડી શકે છે જે તેને મેળવવાની લાયકાત ધરાવે છે.

અહી દીનની એક ઉચ્ચત્તમ સત્યતા તરફ ઈશારો કરૂં છું કે "સુબ્હાન અલ્લાહ" કુરાનમાં આવેલ ફરમાનોમાંથી છે, જેનો અર્થ છે "ખુદા પાક છે" પરંતુ સવાલ એ છે કે તે કઇ કઇ વસ્તુથી પાક છે ? શું આપણે આ અર્થમાં ફક્ત એ વાત ઉપર જ સંતોષ માની લઈએ કે અલ્લાહ સઘળી ખામીઓ-સઘળી ખોડ ખાંપાણોથી પાક છે ? અથવા એમ કહીએ કે ખુદા દરેક વસ્તુથી પાક છે, એટલે સુધી કે વાણી અને વર્તનથી પણ પાક છે ? તમો ગંભીરપણે વિચારો. આ

વિષયમાં મારી વ્યક્તિગત માન્યતા એ જ છે કે ખુદાવંદતઆલા જે રીતે દરેક વસ્તુઓથી બે નીયાઝ છે એટલે કે તેની પાસે દરેક વસ્તુ છે, તેને કોઇ વસ્તુની જરૂરત નથી એ જ રીતે તે દરેક વસ્તુથી પાક પણ છે અને આ બંને વાતોનો અર્થ એક જ છે પરંતુ એ વ્યાજબી અને સાચું છે કે સારાં સારાં ગુણો ખુદા પાકની સાથે જોડવામાં આવે છે કારણ કે આવા ઊંચા ઊંચા ગુણો મઝહબના તે ચાર સિદ્ધાંતોના છે કે જે ખુદાના હુકમથી છે.

તમો જ્યારે ઝીણવટભરી દૃષ્ટિથી અવલોકન કરશો તો જાણાશે કે "જ્ઞાનનો ખજાનો-૪" હકીકી જ્ઞાન અને મઝહબને ઓળખવાની જાણકારીથી કેટલું ભરપૂર છે અને તેને લેખકના અન્ય પુસ્તકોની સાથે મેળવીને વાંચવાથી કેટલી હદે જ્ઞાનના પ્રકાશમાં-જ્ઞાન વિષેની જાણકારીમાં વધારો થઇ શકે છે માટે ઉમેદ છે કે તમો તમારા મઝહબી સામાન્ય જ્ઞાનના ભંડારમાં વધુ ને વધુ વધારો કરવાને માટે દીની પુસ્તકોને દૃષ્ટિ સમક્ષ રાખશો કે જેથી તમો કોમની, જમાતની, કૌટુંબિક તથા વ્યક્તિગત સપાટીએ જ્ઞાન વિષયક કોયડાઓને સહેલાઈથી ઉકેલી શકો.

હોશીયાર મોમીન જ્ઞાનની પ્રાપ્તીની જવાબદારીથી આંખ મીચામણા નથી કરી શક્તો તે એ જાણે છે કે આ પવીત્ર જવાબદારી કેટલી મહત્ત્વની અને જરૂરી છે માટે તે જવાબદારી પૂરી કરવા અને ખુદાનો રાજીપો મેળવવાને માટે હકીકી જ્ઞાનની પ્રાપ્તીમાં ઘણી મહેનતથી કામ લ્યે છે અને ખુદાવંદતઆલા તેની સખતથી સખત મહેનત જોઇને રહેમ ફરમાવે છે અને ધીરે ધીરે પોતાના ઇલ્મી ભંડારના તરફ તેનું માર્ગદર્શન કરે છે એ રીતે કે જે રીતે ઝમાનાના હાદીના મારફત કરવું જોઇએ.

આ પાંચ નિબંધોમાં સૌથી પ્રથમ સુરહ "ઝીલઝાલ"ની હીકમતોનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં રૂહાની પ્રગતીની કાળજી ધરાવનારાઓને માટે ફાયદાકારક જાણકારી મૌજૂદ છે, તેમાં રૂહાનીયતના ધોરણની રીત વર્ણવવામાં આવી છે કે ઝીકરે ઈલાહી એટલે કે ખાસ ઈબાદતથી વધુમાં વધુ ફાયદો ઉપાડવાને માટે કેટલી સખત મહેનત જરૂરી છે.

બીજો નિબંધ "ઈસ્લામની ઝહુરાત" છે જે વડે ન ફક્ત ઈસ્લામની આરંભની હકીક્તોના વિષે એક સાચી કલ્પના મળે છે પરંતુ તેની સાથે સાથે ઈલાહી કલમ અથવા નૂરે મુહમ્મદી જેવી નૂરાની હસ્તીઓની ઓળખ માટેનો રસ્તો પણ નક્કી થઇ જાય છે, કે જેથી આપણી અક્લની દૃષ્ટિ યોગ્ય દિશા ઉપર લાગી રહે અને વારંવાર અહીતહી ભટકી ન જાય. લોકો ખુદાના મઝહબનું અતી પુરાતન હોવા વિષે જીભવડે કબૂલ કરી શકે છે પરંતુ તેના અનંત (એટલે કે જગતના આરંભથી અંત સુધી) હોવાની સચ્ચાઇ તથા તેની ઓળખનું ઠામ ઠેકાણું નથી બતાવી શક્તા.

ત્રીજો વિષય છે "એક જવાબી પત્રનો મહત્ત્વનો ભાગ" જેમાં એક ઘણા જ કદરદાન મિત્રના અમુક ઈલ્મી સવાલોના જવાબોનો ઉલ્લેખ છે. સ્પષ્ટ છે કે સવાલ અને જવાબના વર્તુળમાં ઈલ્મ-જ્ઞાનની જેટલી વાતો આવે છે તે દરેકે દરેક ખૂબ જ સમજદારીભરી-અક્લવાળી અને ફાયદામંદ હોય છે. ખાસ કરીને એવી વાતો કે જે જ્ઞાન-ગોષ્ટી એટલે કે જ્ઞાન માટેની ચર્ચાના વાતાવરણમાં કરવામાં આવતી હોય.

ચોથો નિબંધ છે "હકીક્તનો ખુલાસો" (સચ્ચાઇનો ખુલાસો). આ શેખ અત્તારના દીવાન (એક પુસ્તક)ની એક મનપસંદ કવિતા અને

તેનો અનુવાદ તથા ખુલાસો છે. જેમાં તસવ્વુફ એટલે કે તરીકતના ઘણા ભેદો તરફ ઇશારો કરવામાં આવેલ છે અને તે પોતાના પ્રકારની ચિત્ર-વિચિત્રતાઓથી ભરપૂર છે.

પાંચમો નિબંધ છે "તૌહીદની માન્યતા" (એટલે કે અલ્લાહ એક હોવાનો વિશ્વાસ) જે ઘણી જ મહત્ત્વતા ધરાવે છે. કેમકે દીન-મઝહબનો આરંભ અને અંત તૌહીદ જ છે અને તૌહીદના ખુલાસા (તૌહીદના પ્રતિબિંબ) વગર કોઇ પણ મઝહબના વિષે ખબર જ નથી પડી શકતી કે તેનું ધોરણ ક્યું છે ? તેની માન્યતાઓ-કેવી છે ? અને ઇબાદતો કેટલી હદે શીર્ક (એટલે કે ખુદા સિવાય કોઇ અન્યને પણ પૂજવું તે)થી પાક છે વિગેરે વિગેરે.

મઝહબના સઘળા શિક્ષણનું મૂળ અને તેનું અસલ, તૌહીદની આ કલ્પના પર સ્થાયી થયેલી છે જે મઝહબ વાળાઓ (મઝહબમાં માનનારાઓ) માટે સ્વીકાર્ય એટલે કે કબૂલ કરેલી છે અને વ્યાજબી છે, માટે કોઇ પણ મઝહબના ઊંડાણમાં જવા પહેલાં જરૂરી હોય છે કે તે મઝહબની તૌહીદ વિષેની માન્યતાને તપાસી જોવામાં આવે કે તેમાં અલ્લાહ તઆલાના એક હોવા બાબતના વખાણ-વિગત, કેવા શબ્દોમાં અને કઇ રીતે કરવામાં આવ્યા છે અને તેની સચ્ચાઇ શું છે.

આ પ્રસ્તાવના પછી હું હકીકતના જ્ઞાનના પ્રકાશિત દીવા ના તે પરવાનાઓના હકમાં ખુદાના દરબારમાં દુઆ માંગું છું કે જેઓ જ્ઞાનના પ્રકાશની તજલ્લીઓના ચાહનારા અને તે માટેની ઇચ્છા ધરાવનારા છે, જેઓ ખૂબ જ કદર કરવાને પાત્ર કુરબાનીઓ દઇને જ્ઞાનને ફેલાવવા ઇચ્છે છે (દુઆ માંગું છું) કે ખુદાવંદ ! તું શક્તિશાળી અને કાયમ છો, તું દાના અને સર્વદ્રષ્ટિમાન છો ! ઓ ગની બાદશાહ, ઓ તાકતવર

અને તવંગર તું તારી પોતાની અપાર રહેમતો વડે, આ પવીત્ર સેવાના કાર્યમાં સહકાર કરનારાઓને અક્લ અને જ્ઞાન તથા શરીરની અતીઘણી બરક્તોથી નવાઝજે. તેઓથી હરપળે રાજી રહેજે અને તેમને દરેક પ્રકારે ખુશ રાખજે, તેમની નેક ઉમેદો પૂરી કરજે ખુદાવંદા ! એ પ્રીયમિત્રોને બન્ને દુનિયાની સલામતી અને શાંતિ બક્ષજે આમીન યા રબ્બલ આલમીન.

**ફક્ત જમાતનો ઈલ્મી સેવાધારી**

**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**

**૨૮ શવાલ ૧૩૯૭**

**૧૨ ઓક્ટોબર ૧૯૭૭**

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# (૨) સુરહ ઝીલઝાલની અમુક હીકમતો

## બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

જ્યારે ધરતી (પૃથ્વી) ખૂબ જ બળપૂર્વક (અતીશય જોરથી) ધ્રુજવા લાગશે અને જમીન (ધરતી) પોતાના બોજા, બહાર કાઢીને ફેંકશે અને (આ સ્થિતિને જોઇને) મનુષ્ય કહેવા લાગશે કે આને શું થઇ ગયું છે ? તે દિવસે તે (ધરતી) પોતાની સઘળી વાત-સઘળી હકીકત કહી દેશે, કારણ કે તારા પરવરદીગારે તેને આજ્ઞા કરી હશે, તે દિવસે લોકો ટોળે ટોળા થઇને નીકળશે કે જેથી પોતાના આમાલ (પોતાની કરણી)ને જુએ, પછી જે શખ્સે-જે માણસે થોડી (કણ જેટલી) પણ નેકી કરી હશે તે તેને નિહાળી લેશે, અને જેણે જરા જેટલી પણ બદી કરી હશે તો તે તેને જોઇ લેશે. (સુરહ ૯૯ આયત ૧થી ૮).

**હીકમત ૧ :** માટી અને ધરતી તાવીલના અર્થમાં મોમીન બંદો છે કેમકે ફક્ત મોમીન જ રૂહાનીયતની ઊંચાઇ (દીવ્યતા)ના સઘળા ફાયદાઓ અને સઘળી બરકતોનો સ્વીકાર કરી શકે છે. ધ્રુજવું એ હકીકી મોમીનની રૂહાની પ્રગતિ સંબંધેનું પવીત્ર કરવાનું એક ચમત્કારિક સાધન છે. આ ધ્રુજારી અતી ગુપ્ત એટલે કે અતી છુપાએલ પણ છે અને સ્પષ્ટથી અતી સ્પષ્ટ પણ છે. આ પાક પવીત્ર સ્થિતિ સ્વપ્નમાં પણ હોઇ શકે છે અને જાગૃત અવસ્થામાં પણ, અને રૂહાની હાલતમાં તેનું વર્તુળ ખૂબ જ વિસ્તરેલું થઇ શકે છે.

**હીકમત ૨ :** સુરહ બકરની આયત નંબર ૨૧૪માં ફરમાવેલું

છે કે "શું તમોએ એમ ધારી લીધું છે કે તમો જન્નતમાં પહોંચી જ જશો, જ્યારે કે અત્યાર સુધી તમારા ઉપર એવું વીત્યું નથી જેવું કે તમારાથી પહેલાં થઇ ગયેલાઓ (અર્થાત હકીકી મોમીનો) ઉપર વીતી ગયું છે એટલે કે તેઓને પ્રકાર પ્રકારના દુ:ખો અને તકલીફોએ ઘેરી લીધા હતા અને ધ્રુજારીએ તેઓને એ રીતે હલબલાવી દીધા કે છેવટે (કંટાળીને) પયગંબર તથા ઈમાન લાવનારાઓ જે તેમની સાથે હતા તેઓ બોલી ઉઠ્યા કે (જુઓ) અલ્લાહની મદદ ક્યારે આવે છે ? જુઓ (ગભરાઓ નહીં) ખુદાની મદદ ચોક્કસપણે નઝદિક છે.

ખુદાવંદના આ ફરમાનમાં એવી રૂહાની ધ્રુજારીનો ઉલ્લેખ છે કે જેની આપણે અહીં ચર્ચા કરી રહ્યા છીએ, સ્પષ્ટ છે કે આ સ્થિતિ દુન્યવી તકલીફોથી અલગ અને તેના પછી આવે છે. જેમકે તેનો ક્રમ વર્ણવેલ છે તેનાથી સ્પષ્ટ છે કે દરેક પ્રકારની તકલીફ અને દરેક રીતના દુ:ખોનો હેતુ શારીરિક અને દુન્યવી દુ:ખો છે અને તેના પછી ધ્રુજારીનો ઉલ્લેખ આવે છે જે રૂહાનીયતની કસોટી છે અને તેનાથી જ મોમનની પવીત્રતા એટલે કે પાકીઝગી થાય છે અને તેના પછી ખુદાતઆલાની ખાસ મદદ અને રૂહાનીયતની જન્નત આવે છે.

**હીકમત ૩ :** જેમકે રૂહાની પ્રગતી ખુદાના માર્ગમાં સખત મહેનત અને મજૂરી તથા એકધારી ઈબાદત વગર અશક્ય છે અને જો શારીરિક રીતે આ સઘળી શરતો પૂરી થઇ ગઇ તો, તે વખતે (ધરતી કંપ) ધ્રુજારી આવી શકે છે નહીં તો નહીં, માટે ખંદકના યુદ્ધની અતી ઘણી તકલીફો–મહેનતોના પછી મોમીનો ઉપર જે ચમત્કારિક ધ્રુજારી (કંપ) આવેલ તેના વિષે ફરમાવેલું છે કે :

હે ઈમાનવાળાઓ ! અલ્લાહની તે ન્યામતને યાદ કરો જે તેણે

તમારા ઉપર (જંગે ખંદકમાં) ઉતારી, જ્યારે તમારા ઉપર (નાસ્તિકોના) લશ્કરના લશ્કર ચઢી આવ્યા ત્યારે અમોએ (તમારી મદદ કીધી) તેઓ ઉપર તોફાની વાયુ મોકલ્યો અને (તે સિવાય ફરીશ્તાઓનું) એવું લશ્કર (મોકલ્યું) જેને તમોએ જોયું સુદ્ધાં નહી, અને તમો જે કામ કરી રહ્યા છો તે (સર્વે) અલ્લાહ સારી રીતે જુએ છે. જ્યારે તેઓ તમારા ઉપર ઊંચાણમાંથી આવ્યા તથા નીચાણ તરફથી પણ, અને જ્યારે (ભયના લીધે) તમારી આંખો નિસ્તેજ બની ગઇ હતી અને તમારા કાળજા મોઢે આવી ગયા હતા અને તમો અલ્લાહના સંબંધે જાતજાતની કલ્પનાઓ કરવા લાગ્યા હતા, એ જ વખતે મોમીનોની કસોટી કરવામાં આવી હતી અને તેઓને ઘણી જ સખ્તાઈથી હલબલાવી દેવામાં આવ્યા હતા (વ ઝલઝીલુ, ઝીલઝાલન શદીયદન) ૩૩. ૯થી ૧૧.

આ આયતનો ઈશારો એ છે કે જ્યાર સુધી કોઇ માનવી હકીકી મોમીનની હેસીયતથી ઘણા બધા નેક કાર્યો સિવાય પયગંબર (અ.સ.) અને ઈમામ (અ.સ.)ની સોબતમાં જેહાદ (ધર્મ યુદ્ધ)ની પવીત્ર ફરજ પૂરી કરવા જેવી ફાયદામંદ દીની ખીદમત ન કરે તો તેની રૂહાની પ્રગતી અશક્ય છે.

**હીકમત ૪ :** જે લોકો પોતાની રૂહાની પ્રગતી ન થવાને પોતાની બદનસીબી સમજે છે તેઓ કેવડી મોટી ભૂલ કરે છે, જ્યારે કે તેઓ પ્રયત્ન નથી કરતા. તેમણે ખંદકના યુદ્ધના મોમીનોનો ઐતિહાસિક પ્રસંગ ખૂબ સારી રીતે અભ્યાસ કરીને જાણવો જોઇએ કે તેના બહાદૂર મોમીનોએ અલ્લાહતઆલાની આજ્ઞા પ્રમાણે પયગંબર (અ.સ.) અને ઈમામ (અ.સ.)ને સામે રાખીને આ યુદ્ધમાં કેટલી અતીશય સખત તકલીફો સહન કરી છે અને પછી પોતેપોતે જ (ઓટોમેટિક) વધુ

અભ્યાસ (મહેનત) અને પવીત્ર કરવાના પ્રકારે તેઓ ઉપર કંપ એટલે ધ્રુજારી નાખી દીધી.

**હીકમત ૫ :** હઝરત પયગંબર સાહેબ (સ.અ.સ.)નું ફરમાન છે કે "તાવ (બિમારી) ચોક્કસપણે રબ્બે ગફુર (અલ્લાહ)ના તરફથી (મોમીનને) પવીત્ર કરવાની રીત છે. આમ તો મોમીનની દરેક બિમારી તેના ગુનાહોનું પ્રાયશ્ચિત હોઇ શકે છે પણ તાવ વધુથી વધુ પવીત્ર કરવાનું સાધન એ માટે છે કે તે, ઉપર ઉલ્લેખાયેલ રૂહાની કંપ (ધ્રુજારી)નો ઉત્તમ નમૂનો છે જેમાં રૂહાનીયતની પવીત્રતા તથા રૂહાની સફાઇ છે.

**હીકમત ૬ :** સુરહ ઝુલઝાલની બીજી આયતમાં આ, જે ફરમાવેલું છે કે ધરતી પોતાનો બોજો બહાર કાઢીને ફેંકશે, તેની તાવીલ એ છે કે આ પવીત્ર થવાના પરિણામે મોમીન ઉપરથી ગુનાહોનો બોજો ઊતારી લેવામાં આવશે અને કુરાનમાં જ્યાં પણ ખુદા તથા રસૂલ (સ.અ.સ.) તથા ઇમામ (અ.સ.)ના તરફથી મોમીનની પવીત્રતા કરવાનો ઉલ્લેખ આવેલ છે ત્યાં તાવીલ તરીકે એ જ કંપનો એટલે કે ધ્રુજારીનો ઉલ્લેખ પણ મૌજૂદ છે.

**હીકમત ૭ :** ત્રીજી આયતમાં એ જ રૂહાની ધ્રુજારીના ચમત્કારથી મોમીનની અજાયબીનો ઉલ્લેખ આવેલો છે, કે તે શરૂઆતમાં એટલે કે પહેલે તો ખૂબ જ અજાયબી પામશે કે ક્યારેક તેનું મૂળ તત્ત્વ એટલે કે અસલી શરીર ધ્રુજવા માંડશે તો ક્યારેક ઝીણું-પાતળું શરીર કે જે તે (મૂળ શરીરમાં) છુપાયેલું છે. ક્યારેક સ્વપ્નામાં આ બાબત બની જશે અને ક્યારેક જાગૃત અવસ્થામાં ક્યારેક સ્થળ એટલે કે ઘર સહીત તેને હલબલાવી દેવામાં આવશે કે જે ફક્ત તે

ISW LS Institute for Spiritual Wisdom Luminous Science Knowledge for a united humanity

મોમન જ જાણી શકશે (અનુભવ કરશે) અને અન્ય લોકોને જરા પણ તે વાતની કોઇ જાણ નહી થાય અને ક્યારેક ઘર વગર આમ થશે માટે તેમાં અજાયબી જ અજાયબી અને અવાચક્તા જ રહેલાં છે.

**હીક્મત ૮ :** ચોથી આયતમાં જેમકે ફરમાવેલું છે, જેનો અર્થ છે કે મોમીનની રૂહાનીયતની જમીન આ રૂહાની કંપના પછી તરત જ જીવંત થઇ જશે અને રૂહોની એક ભરપૂર દુનિયા વાતચીત કરવા લાગશે, અને આ રૂહાની વાતચીતનો વધુમાં વધુ સંબંધ મોમીનની પોતાની હસ્તીથી હશે.

**હીક્મત ૯ :** મોમીનની રૂહાનીયતની આ ખબરો, જો કે અમુક વખતે બરાબર રીતે કાન ઉપર નથી આવી શક્તી, જે કોઇ અન્યના તરફથી નહી બલ્કે અલ્લાહ પાક્ના તરફથી છે કે જે આરંભના દરજ્જાની વહી તરીકે છે.

**હીક્મત ૧૦ :** તે દિવસે લોકો ટોળે ટોળાં થઇને નીકળશે કે જેથી પોતાના કર્મોને (પોતાના આમાલને) જુએ, અર્થાત જ્યારે હકીકી મોમીનની પોતાની ક્યામત, અહી ઉલ્લેખ થયો છે તે રીતે આવે છે, તો તેમાં જગતના સઘળાં લોકોની રૂહો હાજર થઇ જાય છે, જો કે લોકો જીવતા જાગતા અને આ બનાવથી બે ખબર છે છતાં પણ તેમની રૂહોનો એક એક કણ ત્યાં જાય છે કે જ્યાં સૂર ફુંકાઇ રહ્યો હોય છે, અને એ જ રીતે દરેક માણસ પોતાના એ કણના પ્રતીનિધીત્વમાં અજાણપણે જ પોતાના કર્મોના અહેવાલનું અવલોક્ન કરે છે અને ક્યામતનું દૃષ્ય જુએ છે.

**હીક્મત ૧૧ :** "....તો જે માણસે એક કણ જેટલી પણ નેકી કરી હશે તે તેને જોઇ લેશે, અને જે માણસે કણ જેટલી પણ

બુરાઇ કરી હશે તો તે તેને જોઇ લેશે." એનો અર્થ એ છે કે જેની પોતાની આવી ક્યામત છે તે તો પોતાના ભાન અને શુદ્ધીમાં સર્વ કાંઇ જોઇ લેશે અને અન્ય લોકો અજાણ અને બેશુદ્ધીની રીતે, જેમકે ફરમાવેલું છે કે "બલ હુમ મીન્હા અમૂન" (૬૭/૬૬) બલ્કે (સત્ય તો એ છે કે) તેઓ આ (ક્યામત)થી આંધળા છે, એટલે કે ક્યામત તેમની સામે છે પણ તેઓ તેને નથી જોતા અને હવે પછી પણ નહી જોશે ત્યાં સુધી કે ક્યામત ઘણા લોકો ઉપર આંધળાપણામાં ગુજરનારી છે.

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# (૩) ઈસ્લામના ઝહુરાત (જાહેર થવું)

## ખુદાના નામોમાં ઈસ્લામ

અક્લ અને સમજ, જ્ઞાન અને હીકમત તથા ઈમાન અને ખાત્રીની દૃષ્ટિએ એ વાત મૂળભૂત સચ્ચાઈઓમાંથી છે કે ઈસ્લામ ખુદાતઆલાનો એ એક માત્ર સાચો અને પુરાતન ધર્મ છે કે જે અનંત કાળથી (આરંભથી) ખુદાની રીત તથા આદત, કુદરતી દીન, કુદરતના કાનૂન અને વ્યવસ્થાનો દીન એવા નામોથી ચાલતો આવી રહ્યો છે અને તેના માર્ગદર્શન તથા શિક્ષણનું સર્વપ્રથમ સાધન ખુદાવંદી ગુણોની નૂરાનીયતમાં હતું અને હાલ પણ એમ જ છે.

ઈસ્લામ ધર્મ તથા કુરાનનો ઈમાન-બક્ષનાર તથા રૂહને પસંદ પડે તેવા શિક્ષણનો ખુલાસો એ છે કે સાચો મઝહબ–(સાચો દીન) એકજ છે કે જે ખુદા અને રસૂલ (સ.અ.સ.)નો દીન છે, જે ઈસ્લામના નામથી પ્રખ્યાત છે, જેમકે અલ્લાહ તબારક વ તઆલાનું મુબારક ફરમાન છે કે "ઈન્નદ્દીન ઈન્દલ્લાહીલ ઈસ્લામ" (૩/૧૮) નિઃસંશય અલ્લાહની પાસે પસંદ કરેલો દીન તો ઈસ્લામ જ છે. હવે જ્યારે ખુદા પાસે ફક્ત ઈસ્લામ જ સાચો દીન છે તો એ વાત ચોક્કસ છે કે આજ દીન અલ્લાહ તઆલાના આરંભ (અનંત) કાળના કાનૂનની હેસીયતથી છે અને એ જ સાચો દીન આપીને સઘળા પયગંબરોને મોકલવામાં આવ્યા છે, અને આ પ્રમાણે એ જાણાયું કે સઘળા અંબીયાઓ અને ઈમામો અલૈહીમુસ્સલામનો સાચો દીન ઈસ્લામ જ છે અને આ

મુબારક અને પવીત્ર દીન, અલ્લાહ તઆલાની રીત, આદત તથા કુદરતી દીનની હેસીયતથી છે માટે આપણે એ દાવો કરી શકીએ છીએ કે ઈસ્લામ દીન સૌથી પ્રથમ આરંભની (અઝલી) હકીકતોના સ્વરૂપે ખુદાના ગુણોમાં મૌજૂદ હતો કારણ કે ઈસ્લામ હીદાયતો અને શિક્ષણનું નૂર છે અને નૂરનું સર્વ પ્રથમ ઉદ્‌ભવ સ્થાન ખુદાની હસ્તી–ખુદાના ગુણો છે.

## (નૂરે મુહમ્મદી) મુહમ્મદના નૂરમાં ઈસ્લામ

સરવરે આલમ, અશરફે બની આદમ, હઝરત પયગંબર સાહેબ (સ.અ.સ.)ના ફરમાન પરથી જાણાય છે કે આ બ્રહ્માંડના સર્જનહારે સૌથી પ્રથમ પોતાના ગુણવાચક નામો વડે છેલ્લા નબી (ખાતેમુલ અંબીયા)ના પવીત્રં નૂરને પેદા કર્યું, એને નૂરે મુહમ્મદીને કુદરતની કલમ અને સૌથી પહેલું જ્ઞાન પણ કહેવામાં આવે છે અને નૂરે ઈસ્લામ પણ એ જ છે એ મુજબ નૂરે ઈસ્લામનું પ્રથમ જાહેરી રૂપ નૂરે મુહમ્મદીના સ્વરૂપમાં આવ્યું જેની નૂરાનીયતમાં હીદાયતની ગુપ્તતા તથા હીકમતની લઝઝતના અગણિત ભંડારો મૌજૂદ હતા, કેમકે નૂરનું પોતાનું અસલી અસ્તિત્વ અકલની–જ્ઞાનની અને ઈલ્મની હેસીયતમાં હોય છે, તેથી ઉલ્ટું જો એ સ્થિતિ ધારી લેવામાં આવે કે નૂરે મુહમ્મદીમાં ઈસ્લામની પ્રારંભિક, મૂળ અને હકીકી હીદાયત તથા શિક્ષણનું કોઈ અસ્તિત્વ નહી હતું તો પછી આપણે એ દાવો કેમ કરી શકીએ છીએ કે હઝરત પયગંબર (સ.અ.સ.)નું પવીત્ર નૂર સૌથી પ્રથમ (અઝલમાં) સંપૂર્ણ અને પૂરેપૂરૂં પેદા કરવામાં આવેલું છે અને આપણે એ કેવી રીતે કહી શકીએ છીએ કે હઝરત નબી સાહેબ (સ.અ.સ.) આદમના સર્જનથી પહેલાં પણ પોતાની નૂરાનીયતમાં નબી હતા, જો કે ખુદાનું નૂર અને

નબુવ્વતનું નૂર ઈસ્લામના જ્ઞાન-શિક્ષણનું મૂળ સ્થાન છે.

અહીં એ હકીકત જાણવી ખૂબ જ જરૂરી છે કે ઈન્સાન અક્કલ અને ભાન તથા બારીકીભર્યા સંશોધન પછી ખરા અર્થમાં દીન સ્વીકાર કરી શકે છે અને એ દીન તેના માટે જીવવા માટેનો સિદ્ધાંત તથા મોક્ષ-છુટકારાનું સાધન છે પણ તેથી ઉલ્ટું ખુદાના માટે આ દીન ન તો જીવવાં માટેનો સિદ્ધાંત છે અને ન તો મોક્ષનું સાધન છે અને ન તો તેણે ઈન્સાનની પેઠે દીનને અમુક સમય પછી સ્વીકારેલો છે, બલ્કે સાચી વાત એ છે કે ઈસ્લામ દીન તો ખુદાની રીત આદત તથા કુદરતના કાનૂનની હેસીયતથી છે, આમ આ વર્ણન ઉપરથી સાબિત થયું કે આ પવીત્ર દીન આરંભ કાળથી જ કુદરતનો કાનૂન રહ્યો છે, (જેના પ્રમાણે જ)-બિલકુલ તે મુજબ જ ખુદાવંદે આલમીને નૂરે મુહમ્મદીને પૈદા કર્યું અને તેમાં ઈસ્લામના નૂરાની, અક્કલી અને ઈલ્મી વસ્તુઓની જાહેરાત હતી.

### (ઈસ્લામ લોહે મહેફૂઝમાં)

આપણે અહીં એ ચર્ચા નથી કરતા કે લોહે મહેફૂઝનો ખુલાસો અને તેની હકીકત શું છે. આપણને ફક્ત એ સાબિત કરવું છે કે ઈસ્લામ દીનની બીજી જાહેરાત લોહે મહેફૂઝ ઉપર થઈ, કે જે પવીત્ર કુરાનના રૂહાની લખાણ સ્વરૂપે હતું. કારણ કે કુરાનની રૂહ ઈસ્લામની રૂહ છે અર્થાત જ્યારે ઈલાહી કલમે દરેક વસ્તુઓના રૂહાની સ્વરૂપો લોહે મહેફૂઝ ઉપર લખી નાંખ્યા ત્યારે એ રૂહાની લખાણ અને તેના પ્રતિબિંબના સમૂહનું નામ (ઉમ્મુલ કીતાબ) પુસ્તકની માતા (કહેવામાં આવે છે) નક્કી થયું જેમાં કુરાને મજીદ અને અન્ય સઘળા આસમાની પુસ્તકો એક જ હતા. જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે કે, "બલ હુવ

કુરાનુમજીદુન ફી લોહે મહેફૂઝ" (૮૫/૨૧-૨૨) અર્થ : બલ્કે તે એક માનવંત કુરાન છે જે સુરક્ષિત પત્રક (લોહે મહેફૂઝ)માં (અક્ષરશઃ લખેલું) છે.

મંજકૂર આયત એ હકીક્તની એક સ્પષ્ટ દલીલ છે કે કુરાન અને ઇસ્લામની અનંત છાપ (મહોર) તથા હંમેશા રહેનાર સ્વરૂપ લોહે મહેફૂઝમાં મૌજૂદ છે કેમકે કુરાન અને ઇસ્લામની હકીક્ત તથા રૂહ એક જ છે. જે રીતે આ જાહેરી જગતમાં ઇસ્લામને કુરાનથી અલગ નથી કરી શકાતું તે જ રીતે ઇસ્લામના ઇલમી અને કલ્પનાઓના ખજાનાથી લોહ અને કલમ ખાલી નથી થઇ શક્તાં આ ઉપરથી જાણાયું કે આરંભકાળમાં (બ્રહ્માંડની ઉત્પત્તી વેળા) ઇસ્લામની બીજી જાહેરાત લોહે મહેફૂઝમાં થઇ.

## આસમાની પુસ્તકોમાં ઇસ્લામ

ઉપર જણાવ્યા મુજબ એ હકીક્તની સ્પષ્ટતા થઇ ગઇ કે લોહે મહેફૂઝ અથવા (ઉમ્મુલ કીતાબ) કુરાનમાં સઘળા આસમાની પુસ્તકો કુરાનની હેસીયતમાં એક છે, જેમકે ખુદા ફરમાવે છે કે "વ ઇન્નહુ લફી ઝુબૂરીલ અવ્વલીન" (૨૬/૧૯૬) અર્થ : અને ચોક્કસપણે તે (કુરાન) પહેલાં થઇ ગયેલી ઉમ્મતોના આસમાની પુસ્તકોમાં પણ છે. સ્પષ્ટ છે કે પાછલા આસમાની પુસ્તકોની ફક્ત રૂહાની અને અસલી હાલતમાં જ કુરાન એ પ્રમાણે (કે જેમ ફરમાવવામાં આવ્યું છે) મૌજૂદ છે, જે સાબિત થાય છે.

જ્યારે એ સાબિત થયું કે પાછલા આસમાની પુસ્તકો ન ફક્ત લોહે મહેફૂઝમાં કુરાનની સાથે એક હતા પરંતુ દુનિયામાં નાઝીલ થવા

પછી પણ જેટલી હદે પરીવર્તન પામ્યા વગર પોતાની અસલ હાલતમાં છે, તે હદે તે કુરાનની પાછલી આજ્ઞાઓની હેસીયત ધરાવે છે. અત્રે આપણે એમ કહી શકીએ છીએ કે ઈસ્લામના નૂરનો ઉદય અને તેનું જાહેર થવું જુદા જુદા જમાનામાં આસમાની પુસ્તકના નાઝીલ થવા સ્વરૂપે થયું. આ સઘળા પવીત્ર પ્રેરણામય પુસ્તકો સાચા દીનના લખાયેલાં સ્વરૂપો હતા અને સાચો દીન અસલથી છેવટ સુધી (અઝલથી અબદ સુધી) એક જ છે જે આ જમાનામાં ઈસ્લામના નામથી ઓળખાય છે. કુરાનની સુરહ ૨૩–આયત ૫૧–૫૨ને સારી રીતે તપાસો.

## ઈસ્લામ અંબીયા તથા ઈમામો અલૈહીસ્સલામમાં

ઈસ્લામનું ચોથું જાહેરી રૂપ અંબીયા તથા ઔલીયા (ઈમામો) અ.સ.ની મુબારક અને પવીત્ર હસ્તીઓમાં આવ્યું, કેમકે ઈસ્લામની અસલ હાલતમાં એક જીવંત નૂર અને એક મહાન રૂહ છે, જેનો સંબંધ સર્વજ્ઞાન–સર્વગુણ સંપન્ન એવા સંપૂર્ણ માનવીઓથી છે અને અંબીયા તથા ઔલીયાના મન–મગજમાં તેમની હેસીયત તથા દરજ્જા મુજબ સમજ, હીદાયત, પ્રેરણા, વહી અને આસમાની પુસ્તકના ઉતરવાથી સાચા દીનનું નૂરાની, અકલનું, જ્ઞાનનું અને મારફતનું સ્વરૂપ સંપૂર્ણ થાય છે કેમકે ઈસ્લામ મુસ્લીમનો ગુણ છે અને બધા જાણે છે કે ગુણ કોઈ વખાણવા લાયક વસ્તુની અંદર ઊભરે છે અને એવી કોઈ વસ્તુ કે હસ્તી વગર કોઈ પણ ગુણનું વ્યવહારૂ સ્વરૂપ અશક્ય છે માટે એ જાણવું જોઈએ કે દરેક નબી અને દરેક વલી (એટલે કે ઈમામ) પોતાના સમયનો સર્વ પ્રથમ મુસ્લીમ હોય છે અથવા તેનો એમ અર્થ કરવામાં આવે કે સાચો દીન સંપૂર્ણ માનવી (એટલે કે ઈમામે ઝમાન)ની

હસ્તીમાં એક જીવંત રૂહ અને એક નક્કર હકીકત બની જાય છે જેમ કે આથી અગાઉ ઈશારો કરવામાં આવેલ કે ખુદાના દીનનું નૂરાની તથા અક્કલ વિષેનું અસ્તીત્વ પણ છે, રૂહાની અસ્તીત્વ પણ છે, લેખિત સ્વરૂપ પણ છે અને વ્યવહારૂ રૂપ પણ છે એ જ રીતે સાચો ઈસ્લામ અને સંપૂર્ણ ઈમાન, ઈમામે ઝમાન (સંપૂર્ણ માનવી)ના શરીર પરના પહેરેલ પોષાક છે.

## ઈસ્લામ હઝરત પયગમ્બર સાહેબના વખતમાં

જો કે ઈસ્લામ મઝહબની મૂળભૂત સચ્ચાઈઓ અને તેના અસલ કાયદાઓ આરંભ કાળથી (અઝલથી) ખુદાના પવીત્ર નૂરમાં મૌજૂદ હતા. ખુદાની નિર્માણ થયેલ બાબતોમાં આજ સાચા દીનના ભેદના ગુપ્તતાના ખજાના છુપાયેલાં હતાં. આસમાની પુસ્તકો તેની જ હીદાયત તથા કેળવણી ફેલાવવાને કાજે નાઝીલ થયા હતા. હઝરત આદમ (અ.સ.)નું (અલ્લાહના) નામોનું જ્ઞાન એ જ હકીકત પર આધારિત હતું. હઝરત નુહ (અ.સ.)ને એ જ દીનની શરીયત દેખાડવામાં આવેલ હતી, અને હઝરત ઈબ્રાહીમ (અ.સ.)એ એ જ દીનનું નામ ઈસ્લામ નક્કી કર્યું હતું. પણ એ સચ્ચાઈ દરેકને સારી રીતે જાણમાં છે કે ઈસ્લામ, સંપૂર્ણ અમલ ધરાવનાર રૂપે છેલ્લા પયગમ્બર સલ્લલ્લાહુ અલૈહી વ આલેહી વસલ્લમના ઉપર ઊતરીને જાહેર થયો કેમકે હઝરત પયગમ્બર સાહેબ સઘળા જમાના અને યુગોને માટે રહેમતનું ઝરણું (મૂળ સ્થાન) હતું, માટે ઈસ્લામનું સંપૂર્ણ જાહેરમાં આવવું એવણ નામદારના મારફત જ થવાનું હતું અને (અઝલમાં) આરંભમાં પણ ઈસ્લામની નૂરાની જાહેરાત તેવણ નામદારના જ પવીત્ર નૂરમાં થઈ હતી, જેમકે પોતે પયગમ્બર સાહેબ (સ.અ.સ.)નું ફરમાન છે કે "કુન્તુન્નબીયન વ

આદમ બૈનલ માઇ વત્તીની." અર્થાત હું આદમના સર્જનથી પહેલાં પણ નબી હતો. આનો અર્થ એમ થયો કે સૌથી પહેલે (અવ્વલમાં) અને સૌથી છેલ્લે (આખરમાં) પણ તેવણ નામદાર (સ.અ.સ.) જ ઈસ્લામ તથા ઈમાન અને નબુવ્વત તથા રીસાલતના મજબૂત કેન્દ્ર હતા અને તેવણ નામદારના જ શારીરિક રીતે જાહેરમાં આવવાથી ઈસ્લામ સંપૂર્ણ થયો અને તેના પૂર્ણ થવાના સાધનો સંપૂર્ણ રીતે પ્રાપ્ત થયા કે જે કુરાને હકીમ તથા સાચા હાદી એટલે કે હીદાયત કરનારની હેસીયતે છે.

બન્ને જગતના સરદાર હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)નું પવીત્ર અને મુબારક અસ્તીત્વ ઈસ્લામ અને ઈમાનનું સંપૂર્ણ સ્વરૂપ હતું એટલે કે એવણ નામદાર (સ.અ.સ.)ની બરકતવંતી હસ્તી, વાણી અને વર્તનમાં સાચા દીનના સઘળા જાહેરી અને બાતિની ગુણોનો ઊચ્ચ નમૂનો હતી. એમાં કોઇ શંકા નથી કે નામદાર પયગમ્બર સાહેબ (સ.અ.સ.)નું (પવીત્ર અસ્તીત્વ)–તેમની હૈયાતી–ઈસ્લામ તથા મુસલમાનોની એકત્રીત ખૂબીઓની હકીકી જાન હતી જેની પ્રત્યેક ક્ષણથી એ સત્ય બહાર આવતું હતું કે ઇસ્લામ દીનની અસંખ્ય રહેમતો તથા બરકતોનો આધાર સાચા હાદીના મૌજૂદ હોવા પર છે અને કુરાનના નાઝીલ થવા તથા ઈસ્લામના જાહેર થવાને માટે તેવણ માનવંત (સ.અ.સ.)નું દુનિયામાં મૌજૂદ હોવું જરૂરી હતું. તેમની મૌજુદગીની બરકતથી અરબના જુદા જુદા કુટુંબો–સમૂહો ન ફક્ત સલામતી સહીત ઉન્નતી પામ્યા બલ્કે તેઓ એકબીજામાં ભાઇ–ભાઇ બનીને ખુશહાલી ભરેલી જીંદગી ગુજારવા લાગ્યા. નામદાર પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ના જ્ઞાન, હીકમત તથા તેમના અસ્તીત્વની મૌજુદગીએ જ

નબુવ્વતના વખતમાં મુસલમાનોને દાખલારૂપ એક્તા અને સંપના સંબંધમાં જોડીને દીન અને દુનિયાની સફળતા મેળવી દીધી.

## ઈસ્લામ હઝરત પયગમ્બર (સ.અ.સ.)ના પછી

અહીં અફસોસની સાથે એ કડવા સત્યનો પણ ઉલ્લેખ કરવો પડે છે કે જમાનાના છેલ્લા પયગમ્બર (સ.અ.સ.)ની શારીરિક વિદાય (વફાત) પછી મુસલમાનોમાં એકબીજામાં એકબીજાની માન્યતાઓ બાબત મતભેદનો ક્રમ શરૂ થઇ ગયો જેને લીધે ઈસ્લામી જગતની એક્તા અને અખંડતાનું માળખું વિખેરાવા લાગ્યું અને પરિણામ રૂપે મુસલમાનો જુદા જુદા ફીરકામાં વહેંચાઇ ગયા. જો કે તેમની સામુહિક તથા વ્યક્તિગત પ્રગતી અને ઉન્નતી એ કામમાં હતી કે તેઓ એવા મતભેદોને, બુદ્ધિ અને ફિકરના એટલે કે પોતાનાં મગજ અને વિચારોના વર્તુળમાં મર્યાદિત કરીને રાખતે, અને તેને સચ્ચાઇની શોધ માટેનું સાધન બનાવતે, અને તેને મઝહબી રંગ દઈને અમલમાં ન લાવતે, પણ જ્યારે એક કે બીજા પ્રકારે એ મતભેદો અનીવાર્ય થઇ ગયા અને ઈસ્લામની જુદી જુદી વિચારસરણી ધરાવનારા સમૂહો અસ્તિત્ત્વમાં આવ્યા તો પછી પણ તેનો ઈલાજ થઇ શક્તો હતો અગર જો મુસલમાનોમાં સિદ્ધાંતિક ભાઈચારો અને સંપ બાકી રહેલા છે તો.

# (૪) એક જવાબી પત્રનો મહત્ત્વનો ભાગ

હું આભારી છું કે તમોએ મહેરબાની કરીને આ તરફ ધ્યાન દીધું છે. ઇન્શાઅલ્લાહતઆલા આ પ્રકારના પત્રવ્યહવારથી ભલાઇ જ ભલાઇ થશે અને વિશ્વાસ છે કે મૌલા પાકની ખુશી પણ તેમાં જ છે કે આપણે એકબીજામાં દીની પ્રકારે પત્રવ્યહવાર કરીએ કે જેથી આવા મેળમિલાપ અને સંપના પરિણામે જમાતને ફાયદો મળે.

(૧) તમોએ સવાલ કર્યો છે કે : "રૂહ શું છે ? અને ઇમામ (અ.સ.) આપણને આ વિષયમાં ધ્યાન આપવા અને વિચારવાને માટે ફરમાવે છે ?

જવાબ : રૂહ એક હકીકત છે (સત્ય છે), ચોકખું મોતી, એક ઝીણી (બારિક) જીંદગી, એક મહાન દુનિયા, એક બાતિની સમજશક્તિ, એક હકીકી જાગૃતિ, એક બેનમૂન વસ્તુ, એક ગુપ્ત ખજાનો, એક અવિનાશી સામ્રાજ્ય, એક નૂરાની હસ્તી, એક ખુદાઇ પ્રતીબિંબ, એક અતી પુરાતન અસ્તીત્વ, એક એક્તાનો ગુણ, હૈયાતીનો એક નમૂનો, એક ઝીણું બ્રમ્હાંડ, એક મોજીઝાવાળું દર્પણ, બરકતનું એક ઉદ્ભવસ્થાન, એક સમગ્ર આયાત, હાલત (સ્થિતિનો એક સમૂહ) કૃપાનું એક કેંદ્ર એક ખૂબ ઉન્નત દરજ્જો વિગેરે.

ઉપર જણાવેલાં શબ્દોના જ ખુલાસારૂપે કંઇક કહું કે રૂહ એક મર્યાદિત વસ્તુ નથી પરંતુ તે પોતાના અસ્તિત્ત્વમાં એક સંપૂર્ણ બ્રમ્હાંડ છે. મનુષ્ય જ્યારે સ્વપ્નની સ્થિતિમાં હોય છે ત્યારે તે અસલમાં કોઇ

અન્ય વસ્તુને નહી પણ પોતાની રૂહ અને રૂહાનીયતને જુએ છે. જો કે ઘણું કરીને સ્વપ્નાઓ સ્પષ્ટ નથી હોતા છતાં રૂહની ઓળખાણને માટે આ એક સામાન્ય દાખલો છે, એ જ સ્વપ્નાઓ ખાસ પ્રકારના ઝીકર અને ઈબાદતના લીધે પ્રગતી કરતાં કરતાં એક ખુદાના આશીકને માટે રૂહ અને રૂહાનીયતના નમૂના બની જાય છે અને તે જ રીતે વિચારોનું જગત એટલે કે બૈતુલ ખયાલ, રૂહ અને રૂહાનીયતની ઓળ ખાણની એક શાળા છે.

થોડાંક જ શબ્દોમાં રૂહના વખાણ મુશ્કેલ પરંતુ અશક્ય છે માટે તેનો વધુ ખુલાસો એ છે કે રૂહ ખુદાના નૂરનું એક પ્રતિબીબ છે અને આ હકીકત પયગમ્બર (સ.અ.સ.) તથા ઈમામ (અ.સ.)માં એક સંપૂર્ણ માનવીની હેસીયતથી સૌથી વધુ સાફ અને ઉત્તમ દરજ્જા ઉપર મળી રહે છે. માટે ફરમાવેલું છે કે :

"જેણે પોતાને ઓળખ્યો, તેણે પોતાના પરવરદીગારને ઓળખ્યો," જો ઈન્સાની રૂહ ખુદાઇ નૂરનું પ્રતીબિંબ ન હોત તો તેની ઓળખાણ ખુદાની ઓળખાણ ન થઇ શક્ત, આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે રૂહ ખુદાઇ નૂરનું પ્રતીબિંબ છે અને પ્રતીબિંબનો દાખલો, તે સૂર્ય છે કે જે અરીસામાં અથવા કોઇ સાફ પાણીમાં દેખાય છે, જેમાં અને સાચા સૂર્યમાં ઘણો મોટો તફાવત તો છે પણ તે તફાવત પણ એક રીતે દૂર થઇ શકે છે અને તે એ જાણવાની વાત છે કે અસલમાં સૂર્ય અને તેનું પ્રતીબિંબ કાંઇ બે વસ્તુ નથી કારણ કે પ્રતીબિંબ એ દૃષ્ટિના ભ્રમ સિવાય અન્ય કંઇ નથી, એટલે કે તેમાં દૃષ્ટિ છેતરાઇ રહી છે, કેમકે અરીસાની અંદર કંઇ નથી સિવાય એના કે તે આપણી દૃષ્ટિને આકાશ તરફ ઉછાળી રહ્યો છે, જેનાથી આપણે સૂર્યને આકાશમાં જ

જોઇએ છીએ અને ન કે અરીસામાં છતાં એમ ધારીએ છીએ, એવું માનીએ છીએ કે સુર્ય અરીસામાં છે.

બહરહાલ રૂહ લા મકાની પ્રકારે બાતિની અને રૂહાની જગત છે (આલમે અમર) તેમાં સર્વ કંઈ છે, એ માટે કે તે કુલ્લી રૂહ એટલે કે ખુદાના નૂરથી મળેલ છે, અલગ નથી પરંતુ હા ! (જેની મારફત) જેની ઓળખાણ જેટલી હોય, રૂહની ઊચ્ચતા અને તેનું વિશાળપણું પણ તેટલું જ જણાય છે, દાખલા તરીકે આપણે પૃથ્વીના ગ્રહ ઉપર સુર્યથી ૯ કરોડ માઇલ દૂર રહીને પણ અરીસામાં સુર્યનું પ્રતીબિંબ કેટલુ મર્યાદિત અને નાનું જોઇએ છીએ. પણ જેમ જેમ અરીસાને સુર્યની નજિક કરતા જશું તેમ તેમ સુર્યનું પ્રતીબિંબ પણ મોટું થતું જશે, એટલે સુધી કે એક વખત અરીસો બળીને નાશ પામી જશે તે વખતે ન તો કોઇ પ્રતીબિંબ નજરે આવશે અને ન તો તેના બે હોવા વિશેની ધારણા કે શંકા હશે.

રૂહ જો કે કોઇ મર્યાદિત વસ્તુ નથી બલ્કે તે એક પૂર્ણ અને સંપૂર્ણ બ્રહ્માંડ છે કેમકે તે આ જાહેરી જગતનું જીવંત રૂહાની સ્વરૂપ છે છતાં તેનું એક ખાસ રૂપ પણ છે અને તે છે માનવીનો ચહેરો–માનવીનું રૂપ–અર્થાત રૂહ પોતાના ખાસ દરજ્જામાં એક અતીશય સ્વરૂપવાન અને સુંદર માનવીય સ્વરૂપમાં છે અને હંમેશાં માનવીનું સુંદરતા તરફ ઢળવું અથવા સુંદરતાનો શોખ ધરાવવો એ એટલા માટે છે કે માનુષ્યની રૂહ પોતે ખુદાવંદી સુંદરતા તથા શાનનું તાદ્દશ રૂપ છે (દ્દષ્ટિમાં પડનાર વસ્તુ છે.)

(૨) તમારો બીજો સવાલ છે કે : સલવાતનો હકીકી અર્થ શું છે ? અને તે કેવી લાગણીઓની સાથે પઢવી જોઇએ ?

જવાબ : સલવાતના ઘણા અર્થો છે અને જ્યારે સલવાત હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) તથા તેવણ નામદારની પવીત્ર આલ (અ.સ.)ની શાનમાં પઢવામાં આવે છે ત્યારે તેનો તાવીલી અર્થ પાછળ પાછળ ચાલવાનો છે અર્થાત કે અનુકરણ કરવું. પુસ્તક વજહે દીન ભાગ બીજો કલામ નંબર ૫૦, પાના નંબર ૨૨૪ અને પુસ્તક મુફરીદાતુલ કુરાનના પાના નંબર ૫૯૨ ઉપર લખેલું છે કે : "અને કુરાનની આયત "લમનક મિનલ મુસલ્લીન" ૭૪/૪૩ (અર્થ : અમો મુસલ્લીન એટલે કે નમાઝી માંહેના નહોતા)નો અર્થ એ છે કે અમો માનવંત પયગમ્બર (સ.અ.સ.)નું અનુકરણ નહોતા કરતા. માટે જે આયતમાં હઝરત મુહમ્મદ (સ.અ.સ.) અને તેની આલના માટે સલ્વાત પડવાની આજ્ઞા છે તેનો અર્થ આમ હશે કે "કોઇ શંકા નથી કે ખુદા અને તેના ફરીશ્તાઓ (એક પ્રકારે) નબી મુહમ્મદ (સ.અ.સ.)નું અનુકરણ કરે છે એટલે કે તેની પાછળ ચાલે છે માટે ઓ ઇમાનવાંળાઓ તમો પણ તેની પાછળ ચાલો અને ફરમાનબરદારી કરો એ રીતે કે જે રીતે ફરમાનબરદારીનો હક છે (૩૩ : ૫૬).

જ્યારે અમો કહીએ છીએ કે "અલ્લાહુમ્મા સલ્લી અલા મુહમ્મદ વ આલે મુહમ્મદ" તો તેની તાવીલ હોય છે કે "ઓ અલ્લાહ મને મુહમ્મદ (સ.અ.સ.) તથા મુહમ્મદની આલની પાછળ પાછળ ચલાવ અર્થાત અય ખુદા તું મને એ વાતની સદ્‌બુદ્ધિ દે–તૌફીક દે–અને હિંમત અર્પણ કર કે હું હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) તથા તેવણની પવીત્ર આલમાંના પાક ઇમામોનું અનુકરણ કરી શકું, તેમની પાછળ ચાલી શકું."

એ જાણવું જોઇએ કે સલ્વાત પડવાની ઘણી ફઝીલત છે

(ઘણા ફાયદા છે) અને તેનો ખાસ ખુલાસો હિકમતમાં છુપાયેલો છે, તે એ કે ખુદા અને તેના મલાયકો નબીએ કરીમ (સ.અ.સ.)ની પાછળ એ અર્થમાં ચાલે છે કે અત્રે ખુદાની તાવીલ છે, ખુદાનો પ્રતીનિધી, ખુદાનો મઝહર એટલે કે ખુદાનું જાહેર રૂપ, ખુદાના નૂરનો મઝહર અને ખુદાનો ખલીફા કે જે પયગમ્બર (સ.અ.સ.) તથા ઈમામે ઝમાન છે, પણ અહીં એ સ્પષ્ટ છે કે તેનો હેતુ વખતનો ઈમામ છે અને તેને લીધે આ પવીત્ર આયતની તાવીલ, તે વખતના પ્રમાણે કે જે વખતમાં આયત નાઝીલ થઈ હતી એમ થાય છે કે "નિ:સંશય (બેશક) ખુદા એટલે કે ખુદાનો પ્રતીનિધી (હઝરત અલી અ.સ.) તથા તેના ફરીશ્તાઓ એટલે કે (સલ્માન ફારસી જેવા) હકીકી મોમીનો નબી મુહમ્મદ (સ.અ.સ.)નું યોગ્ય રીતે અનુકરણ કરે છે, માટે ઓ ઈમાનવાળાઓ તમો પણ તેમનું અનુકરણ કરો અને યોગ્ય રીતે ફરમાન બરદારી કરો. આ અર્થનો છેલ્લો ખુલાસો એ છે કે જે રીતે ખુદાના પ્રતીનિધી અને રસૂલના ખલીફા અર્થાત ઈમામે ઝમાન અને તેના હકીકી મોમીનો હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)નું સાચું અનુકરણ કરે છે તે જ રીતે સઘળા ઈમાનવાળાઓને હઝરત પયગમબર સાહેબ (સ.અ.સ.)નું અનુકરણ તથા તેમની ફરમાન બરદારી કરવી જોઈએ.

તમોએ ત્રીજા સવાલમાં ખુદાના એ ફરમાનનો અર્થ પૂછ્યો છે કે "ઓ ઈમાનવાળાઓ ! ન તો ખુદા અને રસૂલની (અમાનતમાં) ઉચાપત એટલે કે અપ્રમાણિક્તા કરો અને ન તો પોતાની અમાનતોમાં જાણી જોઈને ઉચાપત કરો (તે છતાં કે તમો જાણતા હોવ છો) (૮ : ૨૭).

હવે એ જાણવું જોઇએ કે ખુદાની અમાનત સર્વપ્રથમ હઝરત રસૂલુલ્લાહ (સ.અ.સ.)ના સહાબીઓને સુપ્રત થઇ હતી જે કુરાનની કેળવણી અર્થાત કુરાનના શિક્ષણની હેસીયત હતી, જે વિષે સૌથી પ્રથમ તેઓને જ ફરમાવવામાં આવે છે કે તમો કુરાનની સ્થિતિ તથા તેના શિક્ષણ અને માર્ગદર્શનમાં જરા પણ ખયાનત નહી કરજો એટલે કે એવું ન થાય કે ક્યાંક પોતાના સ્વાર્થ ખાતર કુરાનની મૂળ સ્થિતિમાં અથવા તેના અર્થ કાઢવામાં કોઇ ખયાનત એટલે કે ઉચાપત અથવા અપ્રમાણિક્તા કરવા લાગો અથવા કોઇ સચ્ચાઇનું જાણી જોઇને ખોટું વર્ણન કરો અને હઝરત રસૂલુલ્લાહ (સ.અ.સ.)ની અમાનત હદીસ તથા સુન્નત છે અને તે અમાનતમાં ખયાનત એ છે કે કોઇ માણસ પોતાના મતલબ ખાતર (પોતાના સ્વાર્થ માટે) તેમાં હેરાફેરીથી કામ લ્યે અથવા કોઇ એવી વાત હઝરત પયગમ્બર સાહેબ સાથે સંબંધિત કરી દયે કે જે તેવણ નામદારની ન હોય અને તે પછી મુસલમાનોની એક બીજાની (આપસની) અમાનતોનો ઉલ્લેખ છે કે જે ન ફક્ત ભૌતિક અને જાહેરી છે પરંતુ રૂહાની અને સંસ્કારની પણ છે જેમાં ખયાનત ન કરવા_માટે ફરમાવવામાં આવ્યું છે.

જો ઉપર વર્ણવવામાં આવેલ બાબતો મુજબ ખુદા, રસૂલ અને લોકોની અમાનતો અલગ અલગ ન હોત તો આ આયતમાં ત્રણ દરજ્જાઓની ખયાનતનો જુદો જુદો ઉલ્લેખ ન આવ્યો હોત એટલે કે જો સઘળી અમાનતો એક જેવી હોત તો ટૂંકાણમાં ફરમાવવામાં આવતે કે, "ઓ ઇમાનવાળાઓ અમાનતોમાં જાણી જોઇને ઉચાપત ન કરો" જ્યારે કે કુરાનમાં વધુ પડતાં શબ્દોનો ઉપયોગ નથી થયો અને અતી અર્થપૂર્ણ બાબતોનો ચમત્કારિક રીતે કુરાનમાં ઉલ્લેખ છે.

# (૫) તસવ્વુફના ઝળકતાં પારા

## હકીકતની તફસીર-અત્તારના દીવાનમાંથી

### તરજુમો તથા અર્થ

(૧) ઓ હકીકી મહેબૂબ તું મારા વિષે કોઇ વ્યવસ્થા, કોઇ તદબીર નથી કરતો, એ માટે હું શું વ્યવસ્થા કરૂં. (શું ઈલાજ કરૂં) (તું જ મારો ઈલાજ કર) કે જેથી હું તારા લીધે સૌથી છેટો, સૌથી જુદો થઇ જાઉં અર્થાત ખુદાની નજદીકી ચાહનાર અને આશીક એ વાતનો મોહતાજ હોય છે કે ઝીકર અને ઈબાદતમાં જગતના પરવરદીગાર તરફથી સંપૂર્ણ એક ધ્યાનપણું (મગ્નતા) તથા ઈશ્કેઈલાહી તેના ઉપર છવાઇ જાય કે જેથી તેને દુનિયાના વિચારોથી છુટકારો મળી શકે.

(૨) હું એ માટે શું કરૂં કે જેથી સઘળી હાજર વસ્તુઓ અથવા સઘળી હકીકતોને એક ગણાવી શકું, અને સર્વને એક માનું, એક જોઉં, એકના જ મારફત સર્વમાં જોઇ શકું અને સઘળું જોઇ શકું તથા અનુભવી શકું.

(૩) તે હસ્તી કે જેની સર્વત્ર ફરતી દ્રષ્ટિથી કાયનાત તથા તેમાંની મૌજૂદ કોઇ પણ વસ્તુની કોઇ રજ, (કોઇ અણુ બરાબર વસ્તુ) છુપાયેલી નથી, હું ઈચ્છું છું કે તેને સૌ ઉપર જગતના સૂર્યની જેમ જાહેર અને સ્પષ્ટ પ્રકાશિત કરી દઉં.

(૪) રૂહની કણ, (રૂહનું અણુ) એક એવો કણ છે કે તે હજારો દુનિયાઓની બરાબર છે પણ હું તેને પડદામાં રાખવા અને

છુપાવવાને માટે ફક્ત એક અણુના ટુકડાથી જ કામ લઈશ.

(૫) હું આ કામ એવી યુક્તિ તથા હીકમત હેઠળ કરીશ કે જેથી રૂહોની રજકણોમાંથી પ્રત્યેક કણને ધરતીના નીચલા સ્થાન એટલે કે હલકાપણાથી ઊંચકીને આકાશની ઊચ્ચતાના બુરાક ઉપર એટલે કે વિદ્યુત વેગી અશ્વ ઉપર સવાર કરી દઉં.

(૬) હું એ શક્ય સમજું છું કે લાખો દુનિયાઓને તારી સેવામાં–તારી સમક્ષ સેવક તરીકે રાખી દઉં.

(૭) તે પછી પ્રત્યેક શ્વાસે એટલે કે દરેક ક્ષણે હજારો દુનિયાઓ તારા જેવા ચાંદના ટૂકડાને (સ્વરૂપવાનને) ભેટ તરીકે અર્પણ કરૂં.

(૮) જ્યારે હું આ વિચિત્ર અને અજબ પ્રકારના પર્યટન અને આ અતીશય દૂરની મુસાફરીના માટે પાકો ઈરાદો કરી ચૂક્યો હોઈશ તો તે વખતે મારે મારી આ અતી લાંબી મુસાફરીને માટે સઘળા તારાઓ (સીતારાઓ)ના જોડા બનાવીને તેનો ઉપયોગ કરવો પડશે.

(૯) આ સમય દરમ્યાન મારે ઘણા અશક્ય કામોને શક્ય બનાવીને જોવા પડશે, દાખલા તરીકે હું હજારો દરિયાઓથી વધારે દૂધ દોહી લઈશ પણ તે માટે સખત પથ્થરના સ્તન (આંચળ) બનાવીશ મતલબ કે ઘણા અશક્ય કામોને શક્ય કરવા માટે હામ ભીડીશ.

(૧૦) બન્ને દુનિયાની રૂહાની તથા શારીરિક રજકણોને એ દૂધમાંથી પીવડાવવા માટે દૂધ પીતા બાળકો બનાવીશ અર્થાત આ લાંબા ગાળામાં આ સઘળું પ્રસંગોની જેમ–બનાવની જેમ બનતું રહેશે.

(૧૧) જ્યાર સુધી રૂહાનીયત તથા અક્કલ એટલે કે સમજદારી પ્રમાણે ખૂબીપૂર્વકની પુખ્તતા એટલે કે ઊચ્ચ મરતબાઓની પ્રાપ્તિ શક્ય

નથી તો હું શું કરૂં સિવાય એના કે કબરને પારણું ગણાવું અને સાચી પુખ્તતાની વાટ જોઉ અર્થાત કે એક સામાન્ય માનવી જે રીતે પોતાને પુખ્ત સમજે છે તે હકીકતની દૃષ્ટિએ વ્યાજબી નથી કેમકે પુખ્તતા તે છે કે જેનો ઉલ્લેખ અહી ઉપર કરવામાં આવ્યો છે.

(૧૨) એ ઘણી જ અજબ થવા જેવી વાત છે કે જ્યારે હું ઉપર જણાવેલાં બધા કાર્યો કરી ચુક્યો હોઇશ તો પછી તે સઘળું વ્યર્થ થઇ જશે. હું શું કરી શકું છું એટલે કે જે કંઇ પણ કરવું છે તે આજ છે અને આથી વધુ શું હશે.

(૧૩) છેવટમાં જ્યારે હું આકાશને પછાડી દઇશ અને હું આ કામ આ બાબત હજાર વાર પણ કરીશ (તો તે પછી પણ તેમાં કોઇ નવી વાત નહી હોય બલ્કે એ જ કામ હશે કે જે વારંવાર કરેલું હોય.)

(૧૪) આ સઘળા કામ જે મેં કર્યાં, તે કંઇ નથી કર્યું ફક્ત એટલું જ છે કે હું પોતે પોતાના અસ્તીત્વમાં અંદર જ, આસપાસ આસમાનની જેમ ફરી રહ્યો છું જો કે હું સુર્યના બોજાનો ગઠ્ઠો પીઠ ઉપર લઇને ફરી રહ્યો છું.

(૧૫) બન્ને દુનિયાની ફીકરોના બંધન તથા દુ:ખના કારાવાસમાંથી મને એક વાળ જેટલી પણ મુક્તિ નથી મળી શક્તી ત્યાં સુધી કે જ્યાં સુધી હું મારા પોતામાંથી નીકળીને ફના ન થઇ જાઉ એટલે કે જ્યાં સુધી મારી જાતને–મારાં અસ્તીત્વને ન મીટાવી દઉ.

(૧૬) જ્યારે ફરીદુદ્દીન અત્તાર હકીકી માશુકના ઇશ્ક વડે પોતે પોતાની જાતથી મટી ગયો–નહિવત થઇ ગયો–તો એ તેની સફળતા છે, અને હવે હું ઇશ્કની આગ વરસાવનાર પક્ષી એટલે કે કુક્નુસ બનાવીશ.

# (૬) તૌહીદની માન્યતા

ઈસ્લામ મઝહબની મૂળ માન્યતા અથવા તેનો અસલ સિદ્ધાંત તૌહીદ છે જેનો અર્થ છે અલ્લાહ તઆલાના એકપણાને, તે એક છે તે વાતને કબૂલ કરવું, તેને એક માનવું અને એ વિશ્વાસ કરવો કે ખુદા લા શરીક છે એટલે તેના જેવું અન્ય કોઇ નહી અને તે બેનીયાઝ છે એટલે કોઇ ચીજનો મોહતાજ નથી.

કુરાન પોતાની સુરહ તથા અર્થ ભરપૂર હેસીયતમાં આસમાની જ્ઞાન અને હીકમતની એક વિશાળ કાયનાત છે. તેમાં જુદાં જુદાં જ્ઞાનના ઊંડા તથા અપાર સમુદ્રો રહેલા છે અને તે સઘળાનું મૂળ અને સ્થંભ તૌહીદનું જ્ઞાન છે. કુરાને પાકમાં જે અસંખ્ય ઉપમાઓનું વર્ણન આવેલું છે તે સઘળાઓનો હેતુ તૌહીદનું જ્ઞાન છે, અને અલ્લાહ તઆલાના આ છેલ્લાં પુસ્તકમાં કે જે આપણા માનવંત પયગમ્બર હઝરત મુહમ્મદ મુસ્તફા, છેલ્લા નબી (સ.અ.સ.) ઉપર નાઝીલ થયું છે જ્યાં જ્યાં આપ માનવંત (સ.અ.સ.) કરતાં અગાઉના પયગમ્બરોનો ઉલ્લેખ છે તેના પ્રકાશમાં એ સચ્ચાઇ સ્પષ્ટપણે જણાય છે કે સઘળા અંબીયા અલૈહીસ્સલામના ધર્મ પ્રચારનું મૂળ કોઇ બીજાં જ્ઞાન ઉપર નહી પરંતુ તૌહીદના જ્ઞાન ઉપર જ હતું અને ખુદાના તે સઘળા માનવંતા રસૂલોના દીન-મઝહબના પ્રકાશનો તથા માર્ગદર્શન તથા શીખામણોનો ઊચ્ચ હેતુ પણ ફક્ત એ જ હતો કે દુનિયાવાળાઓને તેમની સમજ-બૂજ તથા અક્કલ પ્રમાણે તૌહીદના જ્ઞાનથી ફાયદો પહોંચાડવામાં આવે કે જેથી આવનાર ક્યામતના દિવસે

તેઓ મુક્તિ મેળવનારાઓમાંથી હોય.

એ જ પ્રમાણે હઝરત રસુલે મકબૂલ સલ્લમની મુબારક અને પવીત્ર ધર્મ-પ્રચારની વ્યવસ્થાનો પણ એ જ સિદ્ધાંત રહ્યો પણ જેવી રીતે દરેક વસ્તુ તેની નક્કી કરેલી મુદ્દતની છેવટમાં સંપૂર્ણ અને એકંદર ખૂબીઓથી ભરપૂર થઇ જાય છે તેમ સાચા દીન-દીને હકનું શિક્ષણ કે જેનો આરંભ હઝરત આદમે કર્યો હતો તે જ્યારે ઝમાનાના છેલ્લા પયગમબર (સ.અ.સ.)એ રજૂ કર્યું તો તે તૌહીદના અર્થ અને હેતુથી ભરપૂર જ્ઞાન હતું અને તે ખુદાની ઓળખ તથા તેની મારફતની હીકમતોથી ભરપૂર હતું, જેમકે પરવરદીગારે આલમનું ફરમાન છે કે "ઉદઉ ઇલા સબીલીરબ્બીક બિલહીકમહી વલમઉ ઇઝહીલ હસનતી વ જાદીલ હુમ બીલ્લતી હી અહસનુ." (૧૬/૧૨૫.)

અર્થ : "(હે રસૂલ !) તું તારા પરવરદીગારના માર્ગ તરફ હીકમત સાથે તથા શ્રેષ્ઠ ઉપદેશ સાથે (લોકોને) બોલાવ. અને તેમની સાથે એવી રીતે ચર્ચા કર કે જે ઉત્તમ હોય."

આ એક સર્વમાન્ય હકીકત છે કે ખુદાતઆલાએ ઇસ્લામના પ્રચારનો જે સિદ્ધાંત હઝરત નબી સાહેબ (સ.અ.સ.)ના સામે રાખ્યો છે તે જ સિદ્ધાંત કુરાનના શિક્ષણ તથા માર્ગદર્શનમાં કાર્ય કરે છે અર્થાત હીકમત (સમજદારી) નસીહત (શીખામણ) અને આપસની ચર્ચા, આ ત્રણે સાધનો દ્વારા. એક જ અને માત્ર એ એક જ ખુદાના એકપણા અને તે માટેના એક મત તરફ લોકોને બોલાવવાં, કારણ કે અક્કલ અને જ્ઞાન પ્રમાણે સઘળા લોકો એક સરખા નથી પરંતુ સામાન્ય રીતે તેઓ ત્રણ દરજ્જાઓમાં વહેંચાયેલાં છે. પહેલાં દરજ્જાના લોકો પોતાની ઊચ્ચ અને ઊત્તમ મગજશક્તિને લીધે એટલાં કાબેલ છે કે તેઓને જો હીકમત શીખવાડવામાં આવે તો શીખી શકે છે. બીજાં

દરજ્જાના લોકો એ છે કે જેઓ શીખામણ સાંભળી શકે છે અને તે ઉપર અમલ પણ કરી શકે છે અને તે પછી હીકમત પણ શીખી શકે છે, અને ત્રીજા દરજ્જાના લોકો એવાં છે કે તેઓ ન તો હીકમત શીખી શકે છે અને ન તો શીખામણ સાંભળી શકે છે સિવાય એના કે તેઓની સાથે બેસીને આપસમાં ચર્ચા કરવામાં આવે. શક્ય છે કે તેમ કરવાથી તેઓ ઈસ્લામ મઝહબ અને ખુદા એક છે તેમ કબૂલ કરી લ્યે અને એ પણ શક્ય છે કે તેઓ તેને કબૂલજ ન કરે. જો તેઓ કબૂલ નથી કરતા તો સાચા ધર્મ પ્રચારની આ છેલ્લી રીતથી તેઓ ઉપર એક દલીલ, એક સાબિતી કાયમ થઇ જશે કે તેમણે તૌહીદના પ્રચારને કબૂલ કરવા માટે ચોકખે ચોકખી ના પાડી દીધી.

હવે સવાલ રહે છે કે તૌહીદની સ્થિતિ–તેની હાલત અને તેની સચ્ચાઇ (હકીકત) શું છે ? અને તેના વખાણ તથા તેનું સ્પષ્ટ વર્ણન કેવી રીતે થઇ શકે છે ? અથવા એમ કહેવું જોઇએ કે તૌહીદના જ્ઞાનનો ખુલાસો શું છે ? અને તે વ્યાજબી અને યોગ્ય શબ્દો તથા નામો ક્યા છે કે જે તૌહીદની સચ્ચાઇનું વ્યાજબી અને યોગ્ય પ્રતીનીધિત્વ તથા ખુદાના એક હોવા બાબત તદ્દન બરાબર રીતે પ્રતીબિંબ પાડી શકે ?

આ અતીશય મુશ્કેલ કોયડા વિષે ધર્મના જ્ઞાનીઓ એટલે કે આલીમોએ ઘણું બધું કહ્યું છે અને તે સઘળાનો ખુલાસો તથા મતલબ એ છે કે ઊંચેથી ઊંચા (ઉત્તમથી ઉત્તમ) શબ્દો તથા નામોના અર્થમાં એ શક્યતા (એ અવકાશ) ક્યાં છે કે બારીતઆલાની હસ્તી અને તેના ગુણો તથા તૌહીદની સચ્ચાઇ અને ગુણો ઉપર છવાઇ જઇ શકે કેમકે તે પાક હસ્તી તો અક્કલ–બુદ્ધિ અને જ્ઞાનના સ્તરથી ઉપરવટ છે–ઊંચે છે, જેમકે હઝરત પીર નાસીર ખુશરૂ પોતાના એક પુસ્તક "રોશનાઇ

નામા"માં ફરમાવે છે કે :

"બનામે કર્દગારે પાક દાવર, કે હસ્ત અઝ વહેમ વ અક્લ વ ફીકર બરતર."

અર્થ : બારી સુબ્હાન વ તઆલા (અલ્લાહતઆલા)ના નામથી (આરંભ કરૂં છું) કે જે વહેમ, અક્કલ અને વિચારની પહોંચથી ઉપરવટ છે.

"હમો અવ્વલ, હમો આખર ઝમ્બરા, ન અવ્વલ બૂદા વ ને આખર અવરા."

અર્થ :- તેજ (સર્વ પ્રથમ અક્કલના હીસાબે) અવ્વલ પણ છે અને તેજ તેનાથી આખર એટલે કે છેવટ પણ છે પણ (વ્યક્તિગત રીતે) ન તો તેનો કોઇ આરંભ છે અને ન કોઇ અંત.

"ખુર્દ હૈરાન શુદા અઝ-દાશ્ત, મનઝઝરા દાનઝ અજરામ વ જહાતરા."

અર્થ :- અક્કલ અને સમજ તેની પવીત્ર હસ્તીની સચ્ચાઇ (સમજવા માટે અસમર્થ છે અને) મુંઝવણમાં પડી ગઇ છે. તેને શરીરો તથા દિશાઓ (ની મર્યાદા તથા બંધન)થી પવીત્ર એટલે કે જુદો અને ઊચ્ચ જાણજે.

"કુજા ઔર બ ચશ્મે સર તવાં દીદ, કે ચશ્મે જાન તો અન્દ જાને જાન દીદ."

અર્થ :- માથાની આંખો વડે તેને ક્યાં અને કેવી રીતે જોઇ શકાય છે (મતલબ કે નથી જોઇ શકાતું) જ્યારે કે રૂહાની આંખથી જ ફક્ત જીવનો જીવ (જાનની જાન) એટલે કે (નફસે કુલ્લી) સર્વવ્યાપક નૂરને જોઇ શકાય છે.

"વ રાઈ લા મકાનશ આશીયાન અસ્ત, એ ગોયમ હર એ ગોયમ બીશ અઝઆન અસ્ત"

અર્થ :- તેનું સ્થાન લા મકાનથી પણ આગળ છે. હું તેના ગૂણોનું વર્ણન શું કરૂં ? જે કંઇ પણ કહું છું તે તેનાથી વધીને છે.

## ખુદાની મારફ્ત (ખુદાની ઓળખ)

અતી સુંદર પુસ્તક "નહજુલ બલાગા"ના પ્રથમ પ્રકરણમાં હઝરત અમીરૂલ મોમનીન અલી અલૈહિસ્સલામનું ફરમાન છે કે :

"સઘળા વખાણ તે અલ્લાહના માટે છે, જેના વખાણ કરનારા (બોલનારા) તે વખાણના મૂળ સુધી પહોંચી નથી શક્તા, જેની ન્યામતોને ગણનારા ગણી નથી શક્તા અને ન તો તે માટે પ્રયત્ન કરનારા તેનો વ્યાજબી હક અદા કરી શકે છે, ન તો અતી ઊચ્ચ ઉડ્યન કરી શક્નાર હિંમત તેને પ્રાપ્ત કરી શકે છે, ન તો અક્લ અને સમજના ઊંડાણ તેની ઊંડાઇ સુધી પહોંચી શકે છે. તેની કમાલીયત ભરેલી હસ્તીની કોઇ મર્યાદા નક્કી નથી ન તો તેના માટે ગૂણોના વાર્ણન કરવા માટે શબ્દો છે. ન તો તેની કોઇ મુદ્દત છે કે જે ક્યાંય જઇને અંતાઇ જાય. તેણે મખ્લુકાતને પોતાની કુદરતથી ઉત્પન્ન કીધી, પોતાની રહેમતથી હવા ચલાવી કંપનારી (થરથરી રહેલી) ધરતી ઉપર પર્વતોના ખુંટાઓ-ખીલાઓ ઠોકી દીધા."

દીન-મઝહબની શરૂઆત તેની ઓળખાણ છે, ઓળખાણની પરીપૂર્ણતા એ તેની ક્બૂલાત છે-તેના સાચા હોવાની સાબિતી છે. ક્બૂલાતની પરીપૂર્ણતા તૌહીદ છે. તૌહીદની પરીપૂર્ણતા પવીત્ર અને નિર્મળ હોવામાં છે અને પવીત્રતા તથા નિર્મળતાની પરીપૂર્ણતા એ છે કે તેમાંથી ગૂણોની બાદબાકી કરવામાં આવે કારણ કે પ્રત્યેક ગૂણ એ

વાતની સાક્ષી પૂરે છે કે તે જેનો ગુણ છે તેથી અલગ છે એટલે કે તે પોતે (ગુણ) જેના માટે વપરાયો છે તેનાથી તે જુદો છે અને પ્રત્યેક ગુણધારી એ વાતનો સાક્ષી છે કે તે એ ગુણના સિવાય કોઇ વસ્તુ છે માટે જેણે ખુદાની જાત–ખુદાની હસ્તી સિવાય તેના ગુણોને માની લીધી તેણે તે હસ્તીનો એક અન્ય સાથી માની લીધો અને જેણે એ હસ્તીનો કોઇ બીજો સાથી માની લીધો તેણે એકમાં બીજો પેદા કરી દીધો–જેણે એકમાં બીજાની ઉત્પત્તી કરી–બીજાને માન્યો તો તેણે તે 'એક'ના ભાગ પાડી દીધા અને જે તેના ભાગ કરવા માટે માની ગયો (તૈયાર થઇ ગયો) તે તેનાથી અજાણ રહ્યો અને જે તેનાથી અજાણ રહ્યો એટલે કે તેને ન ઓળખ્યો અથવા તેનાથી બેખબર રહ્યો તેણે તેને કોઇ ચિન્હ કે કોઇ સંકેત જેવો જાણ્યો અને જેણે તેને કોઇ ચિન્હ જેવો સમજી લીધો તેણે તેની મર્યાદા બાંધી દીધી અને જેણે તેને મર્યાદિત સમજ્યો તે તેને અન્ય વસ્તુઓની હરોળમાં લઇ આવ્યો, જેણે કહ્યું કે તે કોઇ વસ્તુમાં છે તેણે તેને કોઇ વસ્તુથી નીચી સમજી લીધી અને જેણે એમ કહ્યું કે તે કોઇ વસ્તુ ઉપર છે તેણે બીજી જગ્યાઓ તેનાથી ખાલી સમજી લીધી.

તે છે, થયો નથી. મૌજૂદ છે પણ શુન્ય અથવા કંઇ નહોતું તેમાંથી અસ્તીત્ત્વમાં નથી આવ્યો, તે પ્રત્યેક વસ્તુની સાથે છે પણ શારીરિક જોડાણ તરીકે નહી, તે પ્રત્યેક વસ્તુથી જુદો છે પણ શારીરિક રીતે છેટા હોવા મુજબ નહી. તે કાર્ય કરનાર છે પરંતુ કોઇ હલનચલન અને ઓજાર કે સાધનની તેને જરૂરત નથી તે એ વખતે પણ જોનાર હતો જ્યારે કે મખ્લુકાતમાં–બ્રમ્હાંડમાં કોઇ વસ્તુ જોવામાં આવનાર નહોતી. તે એક જ અને માત્ર એક છે એ માટે કે તેનો કોઇ સાથી જ નથી કે જેનાથી તેને લાગણી હોય, તે જેના ઉપર હળી ગયો હોય

અને જેને ગુમાવીને તે દુ:ખી થઇ જાય-હેરાન થઇ જાય.

તેણે સૌથી પહેલાં સૃષ્ટિ-ઉત્પત્તીની શોધ કરી, કોઇ પણ જાતની યોજના કે વિચારણા વગર અને કોઇ પણ અનુભવ વગર કે જેનાથી ફાયદો ઉપાડવાની તેને જરૂરત પડી હોય, તેણે જે વસ્તુને પેદા કરી તે માટે તેને કોઇ જાતના હલનચલનની જરૂરત ન પડી અને જેના માટે તે ખૂબ જ આતૂર બન્યો હોય તે માટે તેને જોશ અને બેચેની કે આવેશની જરૂર ન પડી.

## ખુદાની ઓળખ તથા મારફતના દરજ્જાઓ

આ એક સર્વમાન્ય સત્ય છે અને તેને કોઇ પણ અક્લવાળો અસ્વીકાર નહી કરશે કે જે રીતે ઈમાન અને ખાત્રી (વિશ્વાસ) તથા ખુદાની નિકટતા તથા ઇચ્છાના જુદા જુદા દરજ્જાઓ નક્કી થયેલ છે તે જ રીતે ખુદાની ઓળખ અને મારફત તથા તૌહીદના પણ જુદા જુદા દરજ્જાઓ અને અલગ અલગ પગથીયાઓ હોય છે જેનું કારણ તદ્દન સ્પષ્ટ છે કે ખુદાની ભક્તિ અને તૌહીદ સાચા મઝહબ એટલે કે દીને હકની જાન છે. દીને હક જ સીરાતે મુસ્તકીમ એટલે કે સીધો રસ્તો છે અને જે લોકો આ દીનના રસ્તાના મુસાફર છે તેમના માટે એ વાત અશક્ય છે કે તેઓ અચાનક જ ખુદાની હુઝુરમાં પહોંચી શકે બલ્કે તેઓ તો પગથીયે પગથીયે અને દરજ્જાવાર પસાર થતા થતા ખુદાતઆલાના અતી નિકટ સુધી પહોંચી શકે છે. આ પરથી એ હકીકત સામે આવે છે કે દીન અને ઈમાન તથા ખુદાની ઓળખ અને તૌહીદના જુદા જુદા દરજ્જાઓ છે.

કુરાનમાં ખૂબ જ હીકમતભરી રીતે ફરમાવવામાં આવ્યા મુજબ એ વાત સ્પષ્ટ થઇ જાય છે કે હઝરત ઈબ્રાહીમ (અ.સ.) એક ખુદાને

માનવામાં (ખુદાની એક્તા વિષે ઈમાન રાખનારાઓમાં) પ્રથમ દરજ્જો રાખતા હતા અને તેવણ નામદારની તૌહીદ બાબતની માન્યતા ઈસ્લામી જગતના માટે દાખલારૂપી હેસીયત ધરાવે છે. આપ નામદારે પોતાની જીંદગીમાં કોઈ પણ પ્રકારની બૂત પરસ્તી–મુર્તિ પૂજા નથી કરી જે બિલ્કુલ સત્ય છે અને જેમાં જરા પણ શંકા નથી પણ સુરહ "અન્આમ"ની આયત ૮૪થી ૮૯ મુજબ એ વાત સમજબૂજ રાખનારાઓના માટે વિચારવા લાયક છે જેમાં એ કહેવામાં આવ્યું છે અને જે સત્ય અને વ્યાજબી છે કે ઈબ્રાહીમ ખલીલુલ્લાહની ખુદાની ઓળખ તથા તૌહીદ દરજ્જાવાર અને ક્રમવાર આગળ વધતી જાય છે અર્થાત સૌથી પ્રથમ તેવણ નામદાર મુર્તિપૂજાની નીદા કરે છે તેને ધિક્કારે છે, પછી અલ્લાહ તઆલા તેવણને આસમાનો અને જમીનની રૂહોનો અનુભવ કરાવે છે, અને તેવણ નામદાર સૂર્ય અને ચંદ્રને છોડીને એક સીતારામાં વિશ્વાસ અને ખુદાની ઓળખ માટેની શોધ કરે છે, તે પછી સૂર્યને એક કોરે મૂકીને (ભૂલીને) ચંદ્ર ઉપર વિવેચન અને શોધખોળ કરે છે અને છેવટમાં સૂર્યના તરફ તેમનું લક્ષ જાય છે અને કુદરતના તે પ્રદર્શનના જાહેર અને બાતિનમાં ખૂબ ધ્યાનમગ્ન થઈને વિચાર કરવાના પરિણામે તેવણ બરહક્ક ખુદાની ઊચ્ચ મારફત એટલે કે ઓળખ પ્રાપ્ત કરે છે. અહી આ ક્રમ ઉપરથી જણાય છે કે ખુદાની ઓળખ અને તૌહીદના દરજ્જાઓ છે નહી તો હઝરત ઈબ્રાહીમ (અ.સ.) જેવી ચમત્કારિક હસ્તી સૂર્યને ભૂલીને ચંદ્ર તરફ ન જાતે અને ન તો ચંદ્રને મૂકીને સીતારા ઉપર પોતાના વિચારો દર્શાવતે.

મૂળમાં આ એક તાવીલ ભરેલી વાત છે તે માટે અહી સીતારા, ચંદ્ર અને સૂર્યનો હેતૂ હુદૂદે દીન જ છે કે જે અલ્લાહ

તઆલાની નિકટતા અને ઓળખ તથા તૌહીદના દરજ્જાઓ છે જેમકે ખુદાનું ફરમાન છે કે "હુમ દરજાતુન ઈન્દલ્લાહી, વલ્લાહુ બસીરૂન બીમા યઅમલૂન" અર્થ : તે (હુદ્દૂદે દીન) ખુદાની પાસે દરજ્જાઓ છે અને ખુદા તેમના કાર્યોને સારી રીતે જાણે છે (૩ : ૧૬૨).

## તૌહીદ "જામે અલ હીકમત" પુસ્તકમાં

સમજદારી, અક્લ અને હીકમતની દ્રષ્ટિમાં આ એક સાફ અને સ્પષ્ટ સચ્ચાઇ છે કે હકીમ પીર નાસીર ખુસરૂના સઘળા પુસ્તકો ખુદાની ઓળખ તથા તૌહીદની હીકમતસભર કેળવણીથી ભરપૂર છે જેમ કે તેવણ પોતાના એક કાવ્યમાં ફરમાવે છે કે :

"ખુદા શનાસ શવી રાહે દીન બીયા મૂઝી, અગર તું બરસુખની નાસર શવી પૈરો". તરજુમો : **જો** તમો નાસીર ખુસરોની વાતો (તેના વચનો) ઉપર અમલ કરશો તો ખુદાને ઓળખનાર થઇ જશો અને સાચા દીનના રસ્તા ઉપર આગળ વધતાં થઇ જશો.

પીર સાહેબે પોતાના પ્રખ્યાત પુસ્તક "જામે અલ હીકમત"ના પાના નંબર ૩૦થી લઇને ૭૩ સુધી તૌહીદના વિષય ઉપર હીકમત વાળી ચર્ચા કરી છે અને અતી અર્થસૂચક તથા સાબિતીઓ ભરેલ વર્ણનથી તૌહીદની સત્ય બાબતોને બહાર કાઢી છે. તેવણ આ હીકમત ભરપૂર વિષયના આરંભમાં ફરમાવે છે કે એકંદર રીતે સાચા દીનના ઈલ્મનો હેતૂ અલ્લાહ સુબ્હાન વ તઆલાની ઓળખ છે કે જે ખુદાની એક હોવાની પવીત્ર માન્યતાથી અને સંપૂર્ણ તૌહીદની એવી સાબીતીઓથી પ્રાપ્ત થઇ શકે છે કે જે સરખામણી (રૂપક)થી દૂર હોય અને અતૂટ હોય, જેની પૂર્ણતા ભક્તિ અને ઈબાદત પ્રમાણે હઝરત રસૂલ મુસ્તફા સલ્લલ્લાહુ અલેહી વ આલેહી વસલ્લમના વખાણ (પ્રસંશા)ના

સ્થાનના મરતબા ઉપર તથા મહાન અસ્તિત્વમાં થાય છે અને ખાસ કરીને તે વખતે કે જ્યારે આપ નામદાર (સ.અ.સ.)ના દીનનો ફાયદો સઘળા જગતના દીન–મઝહબો ઉપર જાહેર થશે.

પીર સાહેબે અહીં ખૂબજ ઉમદા રીતે માનવજાતના સદ્‌ગુણો–ચારીત્ર્ય અને વિશ્વાસ (ઈમાન)ના મૂળ તફાવતનો ઉલ્લેખ કરેલ છે, તેવણ ફરમાવે છે કે માન્યતા અને વિશ્વાસ મુજબ લોકોના મૂળ ફીરકા બે છે. એક છે ખુદા નથી એમ માનનારા કે જેમનું કહેવું કે આ જગત પુરાણા સમયથી છે અને તેનો કોઈ સર્જનહાર નથી બલ્કે વનસ્પતી અને પ્રાણીઓ–પશુઓ જેવી વસ્તુઓનું સર્જન તે જ્ઞાન અને ડહાપણમયી અક્કલે જ કર્યું છે કે જે આસમાનો અને જમીનમાં મૌજૂદ છે, જે અનાદી કાળથી–હંમેશથી છે અને સદાને માટે રહેશે.

બીજો ફીરકો દીન–મઝહબવાળા લોકોનો છે કે જે ખુદા અને તેની ખુદાઈને કબૂલ કરે છે. તેના પણ બે ટોળા છે. એક ટોળું એ લોકોનું છે કે જે કહે છે કે ખુદા એકથી વધુ છે. જેમકે તરસા (નસારા) કે જેઓ ત્રણને માને છે એટલે કે બાપ–બેટો અને પવીત્ર રૂહ અને જેમકે સનુવી (સનુવ્વીયા) કે જેઓ બે ખુદાની માન્યતા ધરાવે છે. એક યઝદાન અને બીજો અહરમન અને પ્રકાશ તથા અંધકારને તેઓ અનાદી માને છે.

મઝહબવાળાઓના બીજા ટોળાનું કહેવું છે કે ખુદા એક છે અને તે છતાં કે તેઓ એક ખુદાની માન્યતા ધરાવે છે, ભક્તિ અને ઈબાદત મુજબ તેઓના પાંચ પ્રકાર છે.

આ પાંચ પ્રકારોમાંથી એક પ્રકાર તે છે જેની માન્યતા છે કે ખુદા એક તો છે, પરંતુ પૂજા કરવા લાયક અથવા જેની ભક્તિ કરી



ISW
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

શકાય તે એકથી વધારે છે અને એવા લોકો બૂતપરસ્ત એટલે કે મૂર્તિપૂજક છે કે જેઓ ખુદાને કબૂલ કરે છે અને કહે છે કે અમો મૂર્તિઓની પૂજા ફક્ત એ માટે કરીએ છીએ કે જેથી તેના મારફત અમોને ખુદાની નજદીકી પ્રાપ્ત થાય જેમકે ખુદાનું ફરમાન છે (૩૯/૩).

અર્થ : "અને જે લોકોએ તેના (ખુદાના) સિવાય (અન્યોને) પોતાના કાર્યસાધક એટલે કે ઓલીયા બનાવી લીધા છે (એમ કહીને કે) અમે તો તેમની પૂજા માત્ર એ માટે કરીએ છીએ કે તેઓ અમને અલ્લાહની વધુ નિકટ કરી દયે." આ કુરાનની આયત વિષે તાવીલવાળાઓનું કહેવું છે કે આ વાત ઉમ્મતમાંથી અમુક એવા લોકોથી મળતી (એવા લોકોના જેવી) છે કે જેઓ કહે છે કે અમારે હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અને તેવાણની આલના સિવાય એવા લોકોને દોસ્ત–મિત્ર રાખવા જોઈએ કે જેના લીધે અમને ખુદાની નિકટતામાં વધારો થાય.

બીજા પ્રકારના લોકો એ છે કે જેઓ ત્રણ ખુદાનો મત ધરાવે છે, અને કહે છે કે ત્રણે એક છે અને તેઓ જ પૂજાને લાયક છે, ત્રીજા પ્રકારના લોકો સનુવી છે, તેઓ કહે છે કે ખુદા બે છે પણ પૂજાને લાયક તો એક જ છે કે જે નેકી અને ભલાઈનો ખાલીક છે (યઝદાં છે) ચોથો પ્રકાર ફીલ્સુફો છે જેમનું કહેવું છે કે લોકો ઉપર ખુદાની પૂજા જરૂરી નથી (વાજબ નથી) બલ્કે ખુદા અને તેની કુદરત તથા મહાનતા અને તેની બાદશાહીના વિષે જાણકારી–જ્ઞાન જરૂરી છે અને પાંચમો પ્રકાર એક ખુદામાં માનનારાઓનો છે કે જેઓ ઈમાન ધરાવે છે કે ખુદા એક છે અને ઈબાદતના લાયક પણ તે જ છે.

જ્યારે આપણે એ સત્ય સાબિત કરશું કે ખુદા એક છે, તો ન ફક્ત (નાસ્તિકતા)–ખુદાને ન માનવું એ અયોગ્ય છે અથવા .ગેરવ્યાજબી છે એમ સ્પષ્ટ થઇ જશે બલ્કે તેની સાથે સાથે નસરાનીયત એટલે કે ખ્રીસ્તીવાદ અને સનુવીય્યત પણ ગેરવ્યાજબી અને અયોગ્ય ઠરી જશે.

એક જ ખુદાને માનનારાઓ કે જેઓ સાચા માઅબૂદને વિશ્વાસથી માને છે તેઓ પણ અમુક મતભેદોની સાથે ત્રણ વિભાગોમાં વહેંચાયેલા છે. તેઓમાંથી એક ભાગ તક્લીદવાળાઓનો છે અને ઘણે ભાગે લોકો આ જ ભાગની સાથે–આજ ટોળાની અંદર છે. તેઓ પવીત્ર કુરાનના ફક્ત જાહેર પાસા ઉપર રોકાયેલાં છે અને કહે છે કે અમો અલ્લાહતઆલાને ફક્ત એ જ ગુણો સાથે માનીએ છીએ કે જે ખુદાએ પોતાના પુસ્તકમાં પોતે જ અપનાવેલા છે અને જે ખૂબી–જે ગુણ એવાં છે કે જે ખુદાના યોગ્ય નથી પરંતુ કુરાને તેનો સંબંધ (અલ્લાહથી) જોડી દીધો છે તો અમે તેને નથી જાણતા અને ન તો એવા ગુણો બાબત ચર્ચા કરીએ છીએ અને તેની તાવીલ–તેનો ગુઢ અર્થ ખુદા જ જાણે છે. જેમકે ખુદા ફરમાવે છે કે "વ મા યઅલમૂ તાવીલહુ ઇલ્લલ્લાહ" ૩/૬ (અર્થ : અને તેની તાવીલ (તેનો અર્થ) અલ્લાહ તઆલા સિવાય કોઇ નથી જાણતું) અને તેઓ આયતના આ ભાગમાં બીજાં શબ્દો નથી વધારતાં.

એક ખુદાને માનનારાઓનો બીજો પ્રકાર–બીજો ભાગ–એવા જુદો રસ્તો ગ્રહણ કરનારાઓનો છે કે જેઓ મઝહબી બાબતો અક્લની દલીલોથી સાબિત કરનારા છે, તેઓ કહે છે કે તૌહીદ એટલે કે "અલ્લાહ એક છે"ના વિષે વિચાર અને દ્રષ્ટિની જરૂરત છે અને અમો

પાકી દલીલો તથા વિચારો થકી હક સુબ્હાન એટલે કે અલ્લાહ પાકને કોઈની પણ સાથે સરખાવવાને નકારીએ છીએ.

એક ખુદામાં માનનારાઓનો ત્રીજો ભાગ હઝરત રસૂલે મકબૂલ (સ.અ.સ.)ના કુટુંબને ટેકો આપનારા છે, જેઓ કહે છે કે ખુદાના પુસ્તકની તાવીલ છે-(ગૂઢ અર્થ છે). તેઓ કહે છે કે અમે (અક્લી)-અક્કલ મુજબની તાવીલ મારફત મખ્લુક એટલે કે જેને સર્જવામાં આવ્યા છે તેના ગુણોને સર્જનહાર એટલે કે ખાલીકથી નથી સરખાવતા, તેમનું કહેવું છે કે એકની બીજાથી સરખામણી કરવી અને અનુપમતા એટલે કે જેની કોઇ સરખામણી ન થાય તે બેની વચ્ચે દરજ્જાઓ છે જે ઉપર અમારી તૌહીદ (એક ખુદાને માનવું) કાયમ છે. તેઓ હઝરત ઇમામ જાફર સાદીક (અ.સ.)થી આ રિવાયત કરે છે કે તેવણ માનવંત સાહેબને પૂછવામાં આવ્યું કે તૌહીદના વિષયમાં હક એટલે કે ખુદા અનુપમ છે કે કોઇ સાથે સરખાવવા જેવો ? તો તેવણે જવાબ આપ્યો કે "મન્ઝીલતુન બૈનલ મન્ઝીલતીન."

## પુસ્તક "વજહે દીન"માં તૌહીદ

પીર નાસીર ખુસરૂના અર્થ ભરપૂર પુસ્તક વજહે દીનમાં ઠેકઠેકાણે સીધી અને આડકતરી રીતે અલ્લાહ તઆલાની વહેદાનીયતની હકીકતો અને તેની ઓળખાણનું વર્ણન કરેલું છે અને મજકૂર પુસ્તકના ઉર્દુ ભાષાંતરના પહેલા ભાગના પાના નંબર ૭૩ ઉપર છે કે :

"ત્રીજી શક્તિ અક્કલ છે, જેના મારફત ઇન્સાન તૌહીદને અનુપમતા અને સરખામણીના દરજ્જાથી અલગ કરે છે (એટલે કે ખુદા તઆલાની શાન-શક્તિને ન તો કોઇ પણ વસ્તુના જેવી ગણાવે છે અને ન તો તેની ઇચ્છા અને તેના કાર્યોને નકારે છે.) અને તે

જાણે છે કે મનુષ્યની અક્કલ સઘળી વસ્તુઓ ઉપર અસરકર્તા થઇ જાય છે અને એ અક્કલ તેના માટે એક ઇનામ છે, જે ઇનામ એક એવી હસ્તીના તરફથી છે કે જે પોતે તેની જરૂરિયાત કરતાં વધીને છે અને તે તૌહીદને અલગ કરવાનો એક ઇશારો છે.

પુસ્તકના એ જ ભાગના પાના ૮૫ ઉપર એક પ્રખ્યાત હદીસ છે જેનો તરજુમો એ છે કે : "સાચે જ અલ્લાહે પોતાના દીનનો પાયો પોતાની સૃષ્ટિની જેમ રાખ્યો કે જેથી તેની સૃષ્ટિથી તેના દીનની દલીલ લઇ શકાય અને તેના દીનથી તેની વહેદાનીયતની દલીલ લઇ શકાય." પાના નંબર ૮૮ ઉપર લખેલું છે કે "હું કહું છું કે સત્ય નથી કે રસુલુલ્લાહ (સ.અ.સ.) ખુદા તઆલાને જોયા છે, કેમકે આ કામ અશક્ય છે પરંતુ તેવાણ નામદારના માટે હકતઆલાની વહેદાનીયત ઉપર બે ન્યાયી સાક્ષીઓએ સાક્ષી આપી અને સઘળી સૃષ્ટિ એ બે સાક્ષીઓની સાક્ષી સાંભળવા માટે અશક્ત હતી અને તે બે સાક્ષીઓમાંથી એક તો જીસ્માની જગત હતું અને બીજું અનફુસ (આલમે [illegible]) રૂહ. આ બન્ને નામદાર પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ના માટે એક સ્પષ્ટ વાણીમાં સાક્ષી પૂરી રહ્યા હતા કે એક જ ખુદા સિવાય બીજો ખુદા નથી, એટલે સુધી કે તેવાણ નામદાર સાહેબે હક અને સચ્ચાઇની સાથે તેમની સાક્ષી પર સાક્ષી આપી.

પાના નંબર ૮૯ના નીચલા અર્ધ ભાગ અને ૯૦ના ઉપરના ભાગ ઉપર લખેલું છે કે "સાક્ષી પૂરવાથી સૃષ્ટિનો હેતુ એ છે કે ખુદાતઆલાની સાથે જોડાયેલાં એ ગુણોનો અસ્વીકાર કરવાનો કે જે ગુણો જીસ્માનીઓ એટલે કે શરીરો અને રૂહાનીઓમાં બાકી રહેલાં છે અને જે ખુદાતઆલાનો વહેદતના (તેના એક હોવાના) ભાગ રૂપે તેના

તરફ છે, તે કોઇ પણ જાતની મેળવણી વગર એક એવી સચ્ચાઇના મારફતં પવીત્રતા–સંપૂર્ણતાની સાબિતીઓ આપવાનું છે કે તે સચ્ચાઇ શુધ્ધ અને અશુધ્ધ, (પાતળી અને ઘટ્ટ) એટલે કે રૂહોની અને શારીરિક બન્ને સૃષ્ટિઓના ગુણોમાં મૌજૂદ નથી, ન તો અસ્વીકારના રૂપે અને ન તો સાબીતી તરીકે અને એ કોલ (સાક્ષી પૂરવા)નો એ અર્થ છે કે શારીરિક એટલે કે (ઘટ્ટ) અશુધ્ધ સૃષ્ટિ નજરે આવનાર અને સાંભળવામાં આવનાર છે, નજરે ન આવનાર અને સાંભળવામાં ન આવનાર નથી અને રૂહાની એટલે કે (પાતળી) શુધ્ધ સૃષ્ટિ વિષે કહીશ કે તે નજરે ન આવનાર અને સાંભળવામાં ન આવનાર છે, તે નજરે આવનાર અને સાંભળવામાં આવનાર નથી.

આ પ્રમાણે બારી તઆલા સુબ્હાન એટલે જ પવીત્ર ખુદાથી આ બેઉ સાબીતીઓ અને બન્ને નાકબૂલ (વાતો)નો અસ્વીકાર કરવો જોઇએ અને તારે એમ કહેવું જોઇશે કે તે (ખુદા) નજરે આવનાર અને સમજમાં આવનાર નથી, નજરે ન આવનાર અને સમજમાં ન આવનાર (પણ) નથી. કારણ કે તે સઘળી સૃષ્ટિનો ગુણ છે–(મૂળ છે) એ જ કારણ છે કે હઝરત રસુલે મુસ્તુફા (સ.અ.સ.)એ અસ્વીકાર અને સાબીતિઓ ઉપર આ બોલનું મૂળ (પાયો) રાખ્યો.

વળી પાના નંબર ૧૨૩ ઉપર છે કે, અલ્લાહતઆલા ફરમાવે છે કે "કુલ હુ વલ્લાહુ અહદ". અય મુહમ્મદ (સ.અ.સ.) કહી દયો કે તે ખુદા એક છે, તેની તાવીલ એ પ્રમાણે છે કે જેમ "હુ" કહે છે, આનાથી ખુદાતઆલાનો હેતુ એક એવા બોલનો છે કે જે ફક્ત "હુવ્વીયત" છે (એટલે કે તે–ખાસ અને માત્ર હસ્તી) અને હુવ્વીયતના માટે હકીકત એટલે કે સચ્ચાઇ સિવાય કોઇ માર્ગ નથી (અર્થાત તે

જ બોલ ખુદાતઆલાનું જ હોવું (માત્ર હસ્તી હોવું) અને તેની સચ્ચાઇ છે) અને શબ્દ અલ્લાહના એ ચારે અક્ષરોનો હેતૂ દીનના ચાર સિદ્ધાંત છે, કેમકે તે જ ચાર સિદ્ધાંતો બારીતઆલાના બોલની અસરના માટે ચૂંટી કાઢેલા છે જેમાંથી પોત પોતાના મરતબા મુજબ બે રૂહાની છે અને બે જીસ્માની અને અહદનો એ હેતૂ છે કે જ્યારે આ ચાર સિદ્ધાંતોમાંથી પ્રત્યેક ('બારી') ખુદાના બોલથી જે પણ પોતાનો ભાગ મેળવવો હતો તે મેળવી લીધો તો તેઓએ તૌહીદને એકંદર ગુણથી જુદો અને અસાધારણ માન્યો અને દરેક એ વસ્તુઓથી પણ જુદો અને અસાધારણ માન્યો કે જેની કોઇ જોડી છે, પછી તે સુક્ષ્મ હોય કે ઘટ્ટ (રૂહાની હોય કે શારીરિક) અને તેમણે પવીત્ર (અલ્લાહ)ને એવા ગુણોવાળા નામોથી જોડી દેવાનું ઊચિત માન્યું કે જે ગુણો બોલ અથવા વાતના હીસાબે તથા રૂહાની અને કુદરતી અમલના મુજબ એક બીજાની વિરૂદ્ધ એટલે કે સામ સામે આવનારા હોય જેમકે હસ્ત અને નીસ્ત, મકાની અને લામકાની, વખાણ કરેલ અને વખાણ ના કરેલ વિગેરે વિગેરે.

પછી તે ચાર સિદ્ધાંત પૂરી રૂહાની અને શારીરિક સૃષ્ટિમાં-(પ્રાણીઓમાં) એ જ બુઝુર્ગીને કારણે પ્રખ્યાત થયા અને એ જ કારણે બેનમુન થયા. વળી આગળ ફરમાવેલ છે કે "અલ્લાહુસ્સમદ" એટલે કે ખુદા સમદ છે અને સમદનો અર્થ છે સૈયદ (એટલે કે જેની આગળ કોઇ મોટા પરાક્રમ વખતે રજૂ થવામાં આવે વળી સમદનો અર્થ ઠોસ એટલે કે "સખત" છે) અર્થાત જેમાં નરમ અથવા ખોખલાપણું ન હોય (વળી આ બેનીયાઝના અર્થમાં પણ છે.) આ આયતની તાવીલ એ છે કે ખુદા તઆલા ફરમાવે છે કે આ ચાર સિદ્ધાંત કે

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science

જે ઉપર (શબ્દ અલ્લાહ છે) આ ચાર અક્ષરો દલીલ કરે છે જ્યારે ખુદાની તૌહીદને સચ્ચાઇ સહીત ઓળખી લીધી તો તેમણે તેને દરેક પ્રકારની મેળવાણીથી પાક માન્ય રાખી અને તેમાંથી પ્રત્યેક સિદ્ધાંત રૂહાનીઓનો સૈયદ અને સરદાર થયો અને સઘળી રૂહાનીઓ તથા જીસ્માનીઓએ ફાયદો પ્રાપ્ત કરવાને માટે એમની જ તરફ પોતાને હાજર કર્યાં પરંતુ તે પોતે બેનીયાઝ છે, અને એ સિદ્ધાંતોની સચ્ચાઇનો અહેવાલ જાણવાને માટે તેમના હાથ નીચેની એટલે કે તેમનાથી નીચેના દરજજેની રૂહાનીઓ અને જીસ્માનીઓને તેમના અસ્તીત્વની તરફ કોઇ રસ્તો ન મળ્યો. આ એક એવી સખત (ઠોસ) વસ્તુની ઉપમા જેવું છે કે જેની અંદર (નમીને જોવાને માટે) કોઇ રસ્તો જ ન હોય અને જે કંઇ પણ તેની અંદર છુપાયેલું છે તેની જાણ કોઇ પણ માનવી નથી મેળવી શક્તો. તે પછી ખુદા ફરમાવે છે "લમ યલીદ વ લમ યૂ લદ" એટલે કે ન તેણે કોઇને જાણ્યો છે અને ન તેને કોઇએ જાણ્યો છે. આની તાવીલ એ છે કે બારી સુબ્હાના એટલે કે અલ્લાહતઆલા, જે કોઇ પણ પાછલી મોહ-માયા અથવા કોઇ સાધન વગર વસ્તુઓ-ચીજોનો સર્જનહાર-પેદા કરનાર છે, અને તેણે આરંભની ચીજ (અક્લ)ને અન્ય વસ્તુઓના માટે કારણ (એટલે કે બહાનુ અને માયા) ઠરાવ્યા છે અને તે પોતે એ વાતથી વધીને એટલે કે ઊચ્ચ છે કે (તે) કોઇ વસ્તુનું કારણ અથવા માયા હોય માટે જો કોઇ માનવી એમ ક્હે છે કે વસ્તુઓ તેનાથી જ (અલ્લાહથી જ) પેદા થઇ છે, અગર જો ખરેખર એમ જ હોતે તો તે પોતે જ વસ્તુઓનું કારણ અથવા બહાનુ બની જાત (જો કે) કારણ જે છે તે વસ્તુના પિતા સમાન છે અને પિતા જાણનારના સમાન છે અને ફરજંદ જાણે કે તેનાથી જાણેલ છે અને જલીલુલ કુદરત ખુદા વસ્તુઓનું-ચીજોનું કારણ

નથી એ 'લમ ય લીદ'ની તાવીલ છે.

'વ લમયુલદ'ની તાવીલ એ છે કે તે મહાન અઝમત રાખનાર કોઇ પણ વસ્તુથી પેદા નથી થયો કે જેથી તે વસ્તુ તેનું કારણ ગણવામાં આવે અને તે જલ્લેજલાલ (ખુદા) તેના જેવો બને કેમકે ફરજંદ બાપના જેવો હોય છે અને પ્રત્યેક વસ્તુ જેનું કોઇ કારણ હોય તો જાણે કે તે વસ્તુ તેના કારણ થકી જ જાણેલી હોય છે, તો ખુદા તઆલા જેવી રીતે કોઇ વસ્તુનું કારણ નથી તે જ રીતે કોઇ પણ વસ્તુ તેનું કારણ પણ નથી એટલે કે તે કોઇના જેવો પણ નથી અને જો કોઇ માનવી ખુદાને આલીમ કહે અથવા હકીમ કે કાદીર કહે છે તો એ માનવી ઇલ્મ (જ્ઞાન), હીકમત અને કુદરતને અલ્લાહનું કારણ માને છે એટલા માટે કે એક આલીમ (જ્ઞાની)નું કારણ તેનું જ્ઞાન હોય છે હકીમનું કારણ તેની હીકમત છે અને કાદીરનું કારણ તેની કુદરત છે માટે તે માનવીએ (પરીણામ રૂપે) એમ કહ્યું હશે કે ખુદાને જન્મ દેવામાં આવ્યો છે. વળી આગળ ફરમાવેલું છે કે "વ લમ ય કુલહુ કુફુવન અહદ" અર્થાત તેનો જોડીદાર–તેની બરાબર કોઇ નથી. આની તાવીલ એ છે કે અહદીય્યત એટલે કે એક માત્ર વ્યક્તિત્વ હોવું કે જે કોઇ નવીનતા કોઇ શોધનું મૂળ છે (અર્થાત કે કોઇ પાછલી માયા અથવા કોઇ મૂળ કારણ વગર વસ્તુઓની શોધ કરવાની શક્તિ). તે અકલેકુલનું કારણ છે અને અક્લે કુલ પોતાની સઘળી કૃપા–સુંદરતા અને શાન–શૌકત છતાંય મૂળ હક (ખુદા)ની બરાબર નથી અને શોધ (નવું સંશોધન) તે છે કે માનવીની કલ્પનાઓના માટે તુરત જ તે સચ્ચાઇ–તે હકીકત સુધી જવાનો રસ્તો નથી મળી શક્તો (જેના માટે સંશોધન ચાલતું રહે છે) માટે જ અકલમંદ જ્ઞાનીઓએ સંશોધનને

"નીસ્ત"નું નામ દીધું છે, તેનું કારણ એ છે કે તે સૌથી પ્રથમ (વજૂદ) મૌજૂદ કે જેનાથી અન્ય સઘળી મૌજૂદ એટલે કે વસ્તુઓ પેદા થઇ તે અક્લે કુલ હતો અને અક્લે કુલ અહેદીય્યતથી પેદા થયો અને માનવીની અક્લના પરિણામે એ જરૂરનું થઇ જાય છે કે હસ્ત, નીસ્તમાંથી જ પેદા થાય અને જ્યારે અહેદીય્યતના માટે કોઇ સાબિતી જ નહોતી તો તેઓએ તેને નીસ્તનું નામ દીધું અને કોઇ માનવીય કલ્પના કે વિચારની એ શક્તિ નથી કે તે કલ્પનાઓના મૂળ એટલે કે અક્લે કુલ કરતાં આગળ નીકળી શકે કે જેથી તે અક્લે કુલને પેદા કરનાર સુધી પહોંચી જાય, જો કોઇ માનવી એ દરજ્જા સુધી પહોંચવાને માટે કલ્પનાની શક્તિનો ઉપયોગ કરે તો તે એક અશક્ય વસ્તુની ઇચ્છા કરવા જેવું હશે. પરંતુ વસ્તુઓ તો સ્પર્શની લાગણીના અનુભવથી (તેને) જાણે છે તેથી જ સાક્ષી આપે છે કે કોઇની બરાબર (કોઇના જેવી) હોનાર હસ્તીઓની જેમ ગણાય તે કરતાં ખુદા પાક છે અર્થાત ખુદા તેવો નથી.

## વહેદાનીયત અને અઝલ

હકીમ પીર નાસીર ખુસરૂ "કુદ્દુસીર્રે ઝાદલ મુસાફરીન" પુસ્તકના પાના નંબર ૧૯૫ ઉપર ફરમાવે છે કે "અઝલ (આરંભ)ની જ કલ્પના અલ્લાહ તબારક વ તઆલાની એક હોવા વિષેની (વહેદાનીયતની) વ્યાજબી અને સરળ કલ્પના છે એટલે કે પવીત્ર પાક ખુદા કે જેની બરાબર કોઇ નથી તે સઘળી રૂહાની અને જીસ્માની હાજર વસ્તુઓ અને સર્જનના ગુણોથી કઇ રીતે જૂદો છે (પાક છે) અને તે એ ગુણોની મેળવણીથી કઇ રીતે બે નીયાઝ (બે જરૂરત) હોઇ શકે છે, તેની સાબીતિ અઝલની હકીક્ત છે અને પીર સાહેબની આ તૌહીદની

માન્યતા જ્ઞાનીઓના માટે એટલી સ્પષ્ટ છે કે તેઓ આ વહેદાનીયતના સિદ્ધાંતના પ્રકાશમાં તૌહીદના સઘળા મુદ્દાઓને સમજી શકે છે.

એ જ સ્થળે આપ સાહેબે અઝલ તથા અઝલી (જે અઝલથી છે તે) અને અઝલીય્યતની વચ્ચે તફાવત વર્ણવતા ફરમાવેલું છે કે (જેનો અર્થ એમ છે કે) અવ્વલ અકલને અઝલ તરફ ઢાળીને તેને અઝલી કહેવી જોઇએ અને અઝલીય્યત તે હકીકત છે કે અઝલી વસ્તુની સાબિતી મળે અને તે અઝલીયત, ઇબ્દા (સંશોધન) છે, અને ઇબ્દાનો અર્થ છે વગર સાધન, વગર પદાર્થ, વગર સ્થળ તથા સમયના કોઇ વસ્તુની શોધ કરવી, જેથી સ્પષ્ટ થયું કે અઝલ એ ખુદાની વહેદત અને એક્તાની સાબિતી છે. અઝલી અવ્વલ અકલનો ગુણ છે અને અઝલીયત એ જાણે કે ઇબ્દા છે એટલે કે અકલની શોધ કરવી.

અગર જો જ્ઞાનની દૃષ્ટિથી જોવામાં આવે તો ખુદાની તૌહીદનો વિષય મજકૂર પુસ્તકમાં આરંભથી લઇને અંત સુધી ફેલાયેલો છે, તે છતાં સ્પષ્ટપણે તેની શરૂઆત પાના નંબર ૧૮૫થી થાય છે અને પુસ્તકના તદ્દન છેવટમાં પાના નંબર ૪૮૨ ઉપર જઇને પૂરું થાય છે.

## મુબ્દીએ હક્ક અને હુવ્વીયત

મુબ્દીનો અર્થ છે વગર કોઇ પદાર્થ અને પાછલા નમૂનાના કંઇક પેદા કરનાર, અલ્લાહ તઆલા, અને હુવ્વીયતનો અર્થ છે સંબંધિત હકીકત (સચ્ચાઇ). પીર સાહેબ, "ખ્વાન લ ખ્વાન" પુસ્તકના પાના ૨૩માં ફરમાવે છે કે મુબ્દીએહક્ક, હુવ્વીયત અને નાહુવ્વીયતથી દૂર અને વધીને છે કારણ કે હુવ્વીયત અવ્વલ અકલના માટે છે જ્યારે કે હકીકી સાચી હસ્તી તેની જ (અલ્લાહની જ) છે અને ના હુવ્વીયત ઇબ્દાની

છે એટલે કે મુબ્દીએહક્કે પાછલા કોઇ પણ જાતના નમૂના વગર અવ્વલ અક્કલની જે રીતે શોધ કરી તે ઇબ્દા અને સંશોધન તથા નહુવ્વીયત જ છે.

આ વર્ણન પરથી પીર નાસર ખુસરૂનો હેતૂ એ છે કે જ્યારે મુબ્દીએહક્કે અવ્વલ અક્કલને સર્જનના તરીકે નહી પણ ઇબ્દા અને સંશોધન તરીકે નીસ્તીથી હસ્તીમાં લાવ્યો તો નીસ્તી અને ઇબ્દા નાહુવ્વીયત છે એટલે કે નાસંબંધિત બાબત છે અને અવ્વલ અક્કલની હસ્તી હુવ્વીયત એટલે કે સંબંધિત હકીકત છે પરંતુ મુબ્દીએહક્ક પોતે હસ્તી અને નીસ્તી બંને બાબતથી અલગ છે અને ઉપરવટ છે માટે તેની ન કોઇ હુવ્વીયત છે અને ન નાહુવ્વીયત બલ્કે તેને એ બાબતની જરૂરત જ નથી.

આપ સાહેબ ફરમાવે છે કે અવ્વલ અક્લે પોતાની હસ્તી અને ઇબ્દાની નીસ્તીની દલીલ વડે પોતાના મુબ્દીને ઓળખી લીધો અને પોતાના પેદા કરનારથી એ બંને ગુણો એટલે કે હસ્તી અને નીસ્તીનો અસ્વીકાર ર્ક્યો અને અક્કલે પોતાની હસ્તીની ઓળખાણના પરિણામે બારીતઆલાની હુવ્વીયત એટલે કે સચ્ચાઇને હસ્ત અને નાહસ્તથી વધીને ગણાવી.

* * *

ગુજરાતી અનુવાદ : તા. ૭-૮-૧૯૯૩

